# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# જૈનો જાગો સમકિત માગો

બાળજીવો અનંત ભવ-ભ્રમણમાં, અનંત ભવ ભ્રમણથી અથડાતાં-અથડાતાં-મોક્ષની અભિલાષા રાખીને ચાર ગતીમાં ફરતાં-ફરતાં કેટ-કેટલી વખત દેવગતી પામ્યો અને કેટ-કેટલાં માનવભવમાં આવીને જાણતાં-અજાણતાં-કષાયો મંદ કરતાં-કરતાં સમજણ અને પુન્ય અજ્ઞાનતાએ બાંધતાં-બાંધતાં મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મ મળે છે. (જન્મ લે છે.) મોક્ષમાર્ગી સંપ્રદાયમાં કેટ-કેટલી વખત જન્મો લીધા પછી ક્યારેક કોઈ ભવમાં વિશેષ કષાયોની મંદતા કરી હોય, ગુણો પ્રગટાવવાની અભિલાષા સેવી હોય, વિચાર શુદ્ધિ કેળવી હોય અને વિચાર શુદ્ધિ અર્થે આહાર શુદ્ધિ ધારણ કરી હોય અને મોક્ષ પ્રાપ્તી અર્થે (મોક્ષમાર્ગમાં ચાલવા માટેની) સંજોગ-સમાજ-અને સંસારીક અવસ્થાની



**જૈનો જાગો**

**લેખાંક : ૫૮–અ**

અનુકુળતાનાં ભાવ ભાવ્યાં હોય અને મોક્ષમાર્ગનાં

*** સત્સંગ ***

**સત્સંગસભામાં**
**અજ્ઞાનનાશક જ્ઞાન**
**શ્રી પરમાત્માની પ્રાર્થનાનું,**
**શ્રી પરોપકારી પ્રભુનાં**
**ઉપકારીપણાંનું,**
**શ્રી સદ્‌ગુરૂનાં સાથેનું,**
**માતા–પિતાની ઉપકારીભાવની**
**ભક્તિનું, જગતનાં નબળા–સબળા**
**જીવોનાં આદર–ઉપકારીભાવનું,**
**શાસ્ત્રનાં સારનું, ધર્મનાં ધ્યાનનું,**
**કર્મનાં કારણનું, ભક્તિમાં ભાવનું,**
**મુક્તિનાં માર્ગનું, યુક્તિનાં આધારનું,**
**ભ્રમિતમાં ભાનનું, પરંપરામાં અપરંપારનું,**
**વૃત્તિના વળનું, વહેમનાં વમળનું,**
**મરણનાં મારણનું, દેહ તરફની દ્રષ્ટિનું,**
**મિથ્યાત્વીમાં મિથ્યાત્વીનું,**
**સમકિતમાં સમકિતનું,**
**માર્ગનાં મર્મનું, દેહનાં દુઃખનું,**
**સ્નેહનાં સુખનું, ભોગની ભુલનું,**
**માનનાં મરણનું, ભોગનાં ભોગનું,**
**મમત્વનાં મારણનું, પ્રભુમાં પ્રભુનું,**
**ગુરૂમાં જ્ઞાનનું, સંસારનાં નયસારનું,**
**ભવસાગરનાં પારનું**
**જે જ્ઞાન કરાવે તે આત્માનુભવી**
**જ્ઞાની કહેવાય.**
**(સાચા – સદ્‌ગુરૂ – સંત)**

જ્ઞાનની પૂર્ણ જાણકારી પ્રાપ્ત થાય એવી સમજણ રાખી હોય, આવાં પ્રકારનાં ભાવો જે જીવોએ ભાવ્યાં હોય અને ભાવેલાં હોય, ત્યારે એવાં જીવોને જૈનકુળમાં લગભગ જન્મ મળે છે. અને પૂર્ણ બુધ્ધિગમ્ય શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો મોક્ષ માટેનો જ્ઞાનમાર્ગ પ્રાપ્ત કરવાનાં સમય-સંજોગ પ્રાપ્ત થાય છે.

મુક્તિનો માર્ગ મળે તો બાળજીવો કેટલી સરળતાથી મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. તેની સંજોગ અવસ્થા અને જૈનકુળ-અને જૈનધર્મનું સર્વશ્રેષ્ઠપણું શા માટે તેની વિચારણાં કરીએ.

૧) જૈનકુળમાં જન્મેલાં જીવોને જન્મથી જ કષાયોની મંદતા હોય છે. અને કષાયો કરવાનાં કારણો પણ પ્રાપ્ત થતાં નથી (મુખ્યપણે અર્થની અનુકુળતાં હોય છે અને બુધ્ધિની તિક્ષણતાએ અને મૃદુ સ્વભાવનાં કારણે) અને કષાયો કરે તો વ્યવહારમાં સમાજ પણ તેનો આદરભાવ અને માનભાવ કરતો નથી (મોક્ષમાર્ગમાં ચાલવાની પ્રથમ અને બળવાન લાયકાત ગણાય અને સાથે વ્યવહારનો ધર્મ પણ જળવાય).

૨) મુક્તિનાં માર્ગમાં સાધનાં કરવા માટે અર્થની આવશ્યકતા નથી.

૩) વૈચારીક શુધ્ધિ અર્થે આહારીક શુધ્ધતાં સહજતાથી આદર સહિત પ્રાપ્ત થાય છે.

૪) સમાજ વ્યવહારમાં ગુણોનો આદરભાવ થાય છે.

૫) અર્થ ઉપાર્જન માટે પાપાચારનાં કાર્યો કે વ્યાપાર કરવાં પડતાં નથી અને કરે તો તે વ્યવહારમાં સમાજ માન્ય નથી. (મોક્ષમાર્ગમાં ચાલવાં માટે સરળતાથી પાપમાંથી પાછા વળાય છે.)

૬) જીવને સમુહનાં જીવો અને સમાજનાં અન્ય જીવો સંસ્કારી-ભદ્રીક, આત્મગૌરવ જાળવે અને આત્મ સ્વમાનમાં રખાવે તેવાં જીવોનો સંજોગ-સાથ પ્રાપ્ત થાય છે. (મોક્ષમાર્ગમાં આત્મસન્માન અને આત્મગૌરવ મુખ્ય લક્ષણ ગણાય.)

૭) શ્રી તીર્થંકર પરમાત્માની (શ્રી ઈષ્ટદેવની) ભક્તિ સાધનાં કરવા માટેનાં ક્ષેત્ર અને સમયની પૂર્ણ નજીકતાં અને સમય અવસ્થાની પ્રાપ્તી થાય છે.

૮) શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને પૂર્ણ ત્યાગ-પૂર્ણ ભાવ (શુધ્ધભાવ) અને પરીપૂર્ણ એવું સંપૂર્ણ જ્ઞાન (કેવલ્યજ્ઞાન) પ્રકાશીત કરીને પૂર્ણ જગતનું જ્ઞાન જેમ કે એક સમયથી લઈને સર્વ સમયનું જ્ઞાન, એક પુદ્‌ગલ-પરમાણુંથી લઈને ૧૪ રાજલોકમાં વ્યાપેલાં સર્વ પ્રકારનાં અને સર્વ પુદ્‌ગલ-પરમાણુંનું જ્ઞાન - એક ક્ષેત્રથી લઈને ૧૪ રાજલોકમાં પથરાયેલાં સર્વક્ષેત્રનું જ્ઞાન - એક પદાર્થનાં પૂર્ણ સ્વરૂપને લઈને જગતનાં સર્વ પદાર્થોનું ભુત-વર્તમાન-ભવિષ્ય ત્રણે અવસ્થાનું જ્ઞાન અને જીવની પ્રગટપણાં (નિગોદ અવસ્થાથી)ની અવસ્થાથી લઈને ચાર ગતિમાં ફરવાનાં કારણો અને ચાર ગતીમાંથી છુટવાનાં સાધનો અને માર્ગનું પૂર્ણ-સુક્ષ્મ-અને વિરાધાભાસ વગરનું, જાણી શકાય-સમજી શકાય અને વિચારપૂર્વક ધારણ કરીને અનુભવી શકાય અને અનુભવની ચકાસણી થઈ શકે (૧૪ ગુણસ્થાનક માપ) તેવાં પ્રકારથી પૂર્ણ જ્ઞાનથી ભરેલો મોક્ષ સાધનાનો માર્ગ ફક્ત જૈન સંપ્રદાયને જ પ્રાપ્ત થયેલો છે. માટે જગતમાં જૈનધર્મ સર્વશ્રેષ્ઠ એવો ધર્મ ગણાય છે; અને મનાય છે. (પૂર્ણ અહિંસક સ્વભાવ અને પૂર્ણ નિર્ભયતાં પ્રાપ્ત કરવાની સરળ સાધનાં માટેનો ધર્મ)

૯) જગતની સર્વશ્રેષ્ઠ એવી સાધુ સંસ્થા (જગતમાં ફક્ત જૈન સાધુ સંસ્થા જ વાહનનો ઉપયોગ કરતી નથી માટે)

**જે જીવ નિશ્ચયને માને,**
**સાધે સદ્‌ગુરૂ સાથ,**
**શ્રી સદ્‌ગુરૂનાં શરણથી,**
**ટાળે ભવનો ભાર.**

**આત્મજ્ઞાનનાં ઉગમ સ્થાનની**
**પૂર્વભૂમિકા ત્યાગમાં કે વૈરાગ્યમાં ?**

આવાં અનેક પ્રકારથી જીવને જૈનકુળમાં જન્મનાં કારણે મુક્તિમાર્ગમાં ચાલવાં માટેની "જીવ અવસ્થા-સંજોગ વ્યવસ્થા અને સંસારીક સમાધાનની સાહજીક સ્થિતીનાં યોગ પ્રાપ્ત થાય છે. અને જગતનાં સર્વ મોક્ષમાર્ગી સંપ્રદાય પણ જૈન સંપ્રદાયનો પૂર્ણ આદરભાવ ધરાવે છે. એજ જૈનકુળનાં શ્રેષ્ઠપણાંનું સ્થાપન કરે છે. અને જૈનકુળનાં સંસ્કાર-સ્વભાવ અને સમજણમાં રહેલી ભાવુકતાં-ભદ્રિકતાં અને પાપભીરુતાંનાં કારણોમાં રહેલી મોક્ષમાર્ગમાં ચાલવા અને પામવાની આતુરતાં-અભિલાષા અને આત્મીક ભાવ ભાવવાનાં લક્ષણોનાં દર્શન થાય છે. માટે જૈનકુળમાં જન્મેલાં જીવો દ્રવ્યે-ભાવે-વિચારે-સમજણે-વર્તને-વાણીએ અને વ્યવહારે "ભાવે માર્ગાનુસારી ગણાય છે". અને જો ગુણ-સ્વભાવે અને જ્ઞાન પ્રકાશીને આવે તો જીવ સહજતાંથી મુક્તિ માર્ગનો સાધક-આરાધક જીવ બને અને અલ્પ

*** સત્સંગનું ફળ ***

**વૈરાગ્ય : વેશમાં–ત્યાગમાં કે સ્વભાવમાં?**
**જ્ઞાન : વેશમાં–ત્યાગમાં કે વૈરાગ્યમાં ?**
**જ્ઞાન એજ વૈરાગ્ય અને**
**વૈરાગ્ય એજ જ્ઞાન સ્વભાવ,**
**જ્ઞાન સ્વભાવ એજ જ્ઞાન,**
**જ્ઞાન એજ ઉપયોગી સ્વભાવ,**
**ઉપયોગી સ્વભાવ એજ સદ્‌ગુરૂ,**
**સદ્‌ગુરૂ એજ જ્ઞાન ઉપયોગી,**
**જ્ઞાન ઉપયોગી એજ આત્માનુભવિ,**
**આત્માનુભવિ એજ આત્મદર્શન,**
**આત્મદર્શન એજ શાસ્ત્રદર્શન,**
**શાસ્ત્રદર્શન એજ સ્વરૂપ દર્શન,**
**સ્વરૂપ દર્શન એજ શાસ્ત્ર સ્વરૂપ,**
**શાસ્ત્ર સ્વરૂપ એજ જ્ઞાન સ્વરૂપ,**
**જ્ઞાન સ્વરૂપ એજ મોક્ષ સ્વરૂપ,**
**મોક્ષ સ્વરૂપ એજ માર્ગ સ્વરૂપ,**
**માર્ગ સ્વરૂપ એજ જીવંત માર્ગ–મોક્ષ સ્વરૂપ,**
**જીવતં માર્ગ–મોક્ષ સ્વરૂપ એજ સદેહ**
**સદ્‌ગુરૂનું બોધી જીવન સ્વરૂપ,**
**સદ્‌ગુરૂનું બોધી જીવન સ્વરૂપ એજ**
**મુક્તિ જ્ઞાન અને એજ મુક્તિનાં દાતા,**
**એજ જ્ઞાન વિધાતા.**

ભવોમાં મોક્ષાર્થીપણું પ્રાપ્ત કરીને સર્વ સમય માટે ભવ ભ્રમણથી છુટીને સર્વ સમય માટેની સ્થિરતાં સિધ્ધપદમાં સ્થાપે.

આવી સર્વોતમ મોક્ષપ્રાપ્તી કરવાં માટેની સંજોગ અવસ્થા અને બાળજીવોની મોક્ષ પ્રાપ્ત કરવાં માટેની તન-મન અને ધન ત્યાગની સરળતાથી સ્વિકાર્યતાં હોય અને ધર્મ ધારણ કરવાં માટેની ભાવ અર્પણતાં હોય [ધર્મ ધારણ કરવાં માટે શુભ અને અશુભથી પર શુભત્વભાવ (શુધ્ધ ભાવ પછી આવે)] અને શ્રી ધર્માચાર્યો પ્રત્યે, પૂર્ણ આદરભાવ-અહોભાવ અને આજ્ઞાંકિતભાવ ધારણ કરેલો હોય જ છે. છતાં જો ભવ-મુક્તિનો માર્ગ શ્રી ધર્માચાર્યો ન બતાવે અને તેનાં બદલે ભવ-ભ્રમણનાં સાધનો અને કારણો આરાધાવે તો જૈનકુળ અને શ્રી જિનેશ્વર પરમાત્માનાં શાસનમાં આવીને માનવભવ નિષ્ફળ કરે અથવાં થાય તો નિમિત કારણ

**અનુસંધાન પાના નં ૧૭ પર →**

અનુસંધાન પાના નં ૧૬ થી ચાલું

શ્રી ધર્માચાર્યો ગણાય અને જીવની ધર્માંધતા સહિતની મુઢતાં ગણાય અને જો ધર્મનો આરાધક ઓછામાં ઓછું ગુણ સ્વભાવે કે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરે કે પછી જ્ઞાન વિરાધનાંથી બચીને શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર ભગવાને આપેલો સિધ્ધાંતબોધ કે નિશ્ચયબોધ સાંભળે, જાણે-માને અને જો અબળાંપણાંનાં કારણે આરાધે નહીં (શ્રધ્ધા સ્થાપે) તો પણ બાળજીવ જ્ઞાન-વિરાધનાંથી બચીને ભાવી ભવોમાં જ્ઞાન-આરાધનાનો યોગ પ્રાપ્ત કરી શકે છે. અને થાય છે. બાળજીવને શાસ્ત્રો આધારીત મોક્ષમાર્ગની સાચી જાણકારી પ્રાપ્ત થાય અને જો તેની શ્રધ્ધા કરે તો ભાવિ સમ્યગ દર્શનનું કારણ બને (સમ્યગ-દર્શનનું બીજરોપણ) તો તેનું નિમિત કારણ શ્રી ધર્માચાર્યો ગણાય અને બાળજીવોની સત્યની ઝુરણાં (મોક્ષમાર્ગનાં જ્ઞાન જાણવાની જિજ્ઞાસાવૃતિ) ગણાય. માટે અહિંયા એમ કહેવાય કે જો જે જીવો ધર્મનાં વ્રત-તપ-ત્યાગ અને દાન કરતાં હોય અને તેનાં થકી જે જીવો આત્મલક્ષીપણું પ્રાપ્ત કરે, આત્મલક્ષી ભવમુક્તિનાં માર્ગે ગણાય અને જે જીવો ધર્મનાં વ્રત-તપ-ત્યાગ અને દાન કરતાં હોય અને પુન્યલક્ષી બને, પુન્યલક્ષી ભવ ભ્રમણનાં માર્ગે ગણાય. બંનેમાં નિમિત્ત કારણ શ્રી ધર્માચાર્યો જ ગણાય. અને તેથી એમ કહેવાય કે જૈન સંપ્રદાયનાં (શ્રાવક-શ્રાવિકાઓ, સાધુ-સાધ્વીજીઓ) ધર્મ કરવાવાળા સર્વ બાળજીવોનું ભાવિ ભવોનું નિર્માણ શ્રી ધર્માચાર્યો થકી જ લગભગ થાય છે. અને બાળજીવો ધર્મ કરીને પણ ભવભ્રમણનાં પંથે જશે અને જો સાચો ધર્મ પ્રાપ્ત કરીને ભવમુક્તિનાં માર્ગે જશે, બંનેમાં નિમિત્ત કારણોમાં શ્રી ધર્માચાર્યો જ હશે. અને લગભગ છે. (સંસારી જ્ઞાનીનાં નિષેધનાં કારણે, વાંચનનાં પ્રતિબંધનાં કારણે) એક અવતારીનાં જ્ઞાનને અમાન્ય કરવાનાં કારણે (શ્રીમદ રાજચંદ્ર કેવળી ભગવંતનાં જ્ઞાનને) બાળજીવોને મુક્તિનાં માર્ગનો શાસ્ત્રોમાં આપેલો આત્મકલ્યાણનો શ્રી જિનેશ્વર બોધ સંભળાવવો-સમજાવવો-મનાવવો અને શ્રધ્ધા સ્થપાવીને આરાધાવવો એ શ્રી ધર્માચાર્યોની કર્તવ્યપરાયણતાં ગણાય અને જો અન્ય પ્રકારનો બોધ (પુન્યલક્ષને સ્થાપન કરે કે કરાવે) તેને શ્રી ધર્માચાર્યોની કર્તવ્યવિમુખતાં કહેવાય. યથાર્થપણે શ્રી જિનશાસનમાં જિનસ્થાનકોમાં શ્રી જિનેશ્વરનો બોધ આપવો કે ન આપવો તે શ્રી ધર્માચાર્યોનાં સ્વભાવ-વિચાર અને સમજણમાં રહેલું છે. અને બાળજીવોમાં મોક્ષમાર્ગની આરાધનામાં ઉદાસીનતાં કે ઉત્સાહીતતાં પ્રગટાવવી એ શ્રી ધર્માચાર્યોનાં જ્ઞાનબળ-યોગબળ-ચારિત્રબળ અને વૈચારિક બળમાં રહેલું છે.

### સંપ્રદાયનો સિધ્ધાંત ''રક્ષા-દિક્ષા-ભિક્ષા''

જીવ જન્મે જૈન બન્યો તો કર્મે જૈન બને, સાધુ સાધનાનાં માર્ગમાં પ્રવેશ કરે તો બળવાન સાધક બને.

શાસ્ત્રોની સાચી સમજણ મેળવેલી હોય તે જીવ સાચા ઉપાધ્યાયજી બને.

છત્રીસ ગુણો પ્રકાશીત થયેલાં હોય તે શ્રી આચાર્ય ભગવંત બને.

એજ જૈન ધર્મનો પાયો છે.
એજ શાસનની સેવા છે.
''અને''
એજ શાસનમાં આવેલાં જીવોનું કર્તવ્ય છે.
અને

જિન શાસનનાં સ્થાનકોમાં શ્રી જિનનાં બોધ સિવાયનાં અન્ય બોધ (ભવ ભ્રમણનાં બોધ) તો સર્વ સમયે અને સર્વ પ્રકારનાં જીવો થકી અસ્વિકાર્ય છે. અને તેનું ધ્યાન અને રક્ષા કરવી એ શ્રી ૨૫માં ભગવાન એવાં શ્રી સંઘ કર્તવ્ય અને સંઘસૂત્ર અને મંત્ર ગણાય. બાળજીવોની ધર્મરક્ષા કરવી એ સંઘ વ્યવસ્થા છે. અને બાળજીવો જેટલો આત્મધર્મ ધારણ કરી શકે તેટલો અપાય, બાળજીવોમાં દુર્ભાવ થાય એ પ્રકારથી આત્મધર્મ ન અપાય.

''આત્મધર્મ ધારણ કરવાનો છે,
આત્મધર્મ લાદવાનો નથી''.

Website : www.jainojago.com

આવા પ્રકારથી બાળજીવોની ધર્મરક્ષા કરવી એ શ્રી સંઘ કર્તવ્ય ગણાય અને બાળજીવોની નિર્વિવાદપણે અને નિર્ભયતાથી આત્મધર્મથી આત્મસાધનાં થાય.

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની ''શ્રી જિન આજ્ઞા'' અને શાસ્ત્રોનો પ્રમુખ-અને મુખ્યસાર બાળજીવો માટે કે માનવભવ મળ્યો છે તો માનવભવનું (જૈનકુળમાં જન્મ્યાં અને શ્રી તીર્થંકર પરમાત્માનો બોધ મળ્યો છે.) મુખ્ય કર્તવ્ય અને જીવનનું સાર્થકપણું ''સમ્યગ-દર્શન'' પ્રાપ્ત કરવામાં છે. અને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો એજ જૈન સંપ્રદાયનાં સર્વ જીવોનું (શ્રાવક-શ્રાવિકા-સાધુ-સાધ્વીજીઓ) જીવન ધ્યેય હોવું જોઈએ. અને પ્રાપ્તીનાં ઉપાયો અને સાધનો જાણવા જોઈએ. અને જાણીને, માનીને અને શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં શ્રધ્ધા સ્થાપીને આરાધવાં જોઈએ એમાંજ બાળજીવોનું આત્મકલ્યાણ અને ભવ ભ્રમણમાંથી નિકળવાનો એક માત્ર ઉપાય છે. અને તે ઉપાય યથાર્થપણાંનો ગણાય અને છે. (શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં બાળજીવો સરળતાંથી નિર્ભયતાપૂર્વક-અને સલામતી સહિત આરાધનાં કરી

## જૈનો જાગો
લેખાંક : ૫૮

શકે છે.) અને સમ્યગ-દર્શન પ્રાપ્તી અર્થે જ ધર્મ આરાધનાં કરવાની છે, એજ શ્રી જિન આજ્ઞા છે. અને શ્રી જિન આજ્ઞામાં રહેવું એ સંપ્રદાયનાં સર્વ જીવોનો ધર્મ છે. અને ધર્મમાં શ્રધ્ધા રાખી ગણાય. અને ધર્મમાં શ્રધ્ધા ન રાખવી અને શ્રધ્ધા ન કરાવવી એ જ્ઞાન-વિરાધનાંનો બળવાન દોષ પડે છે. (દોષ લાગે છે.) જ્ઞાન વિરાધનાંનાં દોષને બળવાન (પ્રકૃતિ) કર્મ દોષ ગણાય. (૭મી નરક કરતાં પણ વધારે) શાસ્ત્રોમાં ઘણું-ઘણું આપ્યું છે. પણ એ પૂર્ણ જ્ઞાનની સિધ્ધતાં અર્થે જાણવાં અને માનવાં માટે આપ્યું છે. પણ બાળજીવો માટેનો મુખ્યસાર (બાળજીવો શાસ્ત્રોથી અજ્ઞાત હોવાથી) શ્રી ઉપાધ્યાયજી થકી સરળ ભાષામાં શાસ્ત્રોમાં આપેલો મુક્તિનો માર્ગ પ્રથમ જાણવો (જાણવાંથી માનવામાં આવવાનો જ છે.) અને માનીને પછી બાળજીવોએ **''દેહ અને આત્માની ભિન્નતાં જાણવાની, દેહ અને આત્માની ભિન્નતાં માનવાની અને દેહ અને આત્માની ભિન્નતાં અનુભવવાની છે''.** દેહ અને આત્માની ભિન્નતાં જાણવાં અને માનવાં માટે તો શ્રી ઉપાધ્યાયજી છે. (શ્રી નમસ્કાર મહામંત્રનું ચોથાં પદનું ઉપકારીપણું ગણ્યું છે.)

**દેહનાં દેહનું દાસપણું ટાળીને,
દેવાધીદેવનું દાસપણું પામીએ.**

**શ્રી જિનનાં સ્વરૂપથી,
સદા રહ્યો અજ્ઞાન,
જાણ્યાં નહીં સુગુરૂ શાસ્ત્રોને,
શે, મળે મુક્તિનો માર્ગ.**

### ઉપાશ્રયો શા માટે છે ?

ઉપાશ્રયોમાં શ્રી ઉપાધ્યાયજી સ્વાધ્યાય (શાસ્ત્રોનાં સારનો) કરાવી શકે માટે જ છે. (જ્ઞાન આરાધનાં માટે) અને આગળ બાળજીવોનો આત્મીક ક્રમ વધતાં અને આત્મીક વિકાસ થતાં વર્તમાન ભવમાં કે ભાવી ભવોમાં દેહ અને આત્માની ભિન્નતાં અનુભવવાં માટે આત્માનુભવિનો (સદ્દગુરૂનો) યોગ અવશ્ય થાય છે. અને તેમની નિશ્રામાં રહીને દેહ અને આત્માની ભિન્નતાંનો અનુભવ થાય છે. (સદ્દગુરૂમાં વેશ કે વચનો આગ્રહ ન રખાય. સદ્દગુરૂએ જગદ્દગુરુ કહેવાય). બાળજીવો જ્યારથી દેહ અને આત્માની ભિન્નતાં જાણીને માનવાનો પુરૂષાર્થ કરે ત્યારથી જ બાળજીવોની મુક્તિ આરાધનાં કે જ્ઞાન આરાધનાં શરૂ થઈ ગણાય. [ત્યાં સુધી બાળજીવો જ્ઞાન આરાધનાં કરી શકતાં નથી બાળજીવોને જ્ઞાન શું છે અને તેની આરાધનાં (પુન્યલક્ષ ટાળીને) કરવાની હોય છે. અને તે આરાધનામાં, ભાવ-વિચાર અને સમજણ કેવા હોય છે. તેની ખબર નથી તો પછી જ્ઞાન આરાધનાં કરે જ કેવી રીતે ? અને જે ધર્મ આરાધનાં કરવી જોઈએ એ બાળજીવો કરી જ શકતાં નથી].

જીવને મુક્તિનાં ચાર ઉત્તરોતર દુર્લભ યોગ (કારણોમાં) ત્રીજું કારણ અત્યંત દુર્લભ ગણ્યું છે. અને માન્યું છે. (પ્રથમનાં બે કારણો જીવને જાણતાં કે અજાણતાં પ્રાપ્ત થાય છે. અને ચોથું કારણ જીવને ત્રીજા દુર્લભ કારણનાં યોગથી જ પ્રાપ્ત થાય છે.) તો ત્રીજો દુર્લભયોગ શા માટે ? તેની વિચારણાં કરીએ. (પ્રથમ બે યોગ બાળજીવોને કેવી રીતે પ્રાપ્ત થાય છે. તેની વિચારણાં આગળનાં લેખાંકોમાં કરી છે.)

''જીવને મુક્તિ માટેનું બળવાન કારણ ત્રીજા દુર્લભ યોગમાં રહેલું છે''. જીવને માનવભવ મળ્યો અને માનવભવમાં મોક્ષમાર્ગી સંપ્રદાયમાં મળ્યો, પ્રથમ બે કારણોનો યોગ થયો અહિંયા બાળજીવે ત્રીજા દુર્લભયોગને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવાનો છે. (ધર્મ જાણવાનો અને જાણીને માનવાનો.) ત્રીજા યોગનો પુરુષાર્થ બાળજીવો લગભગ કરતાં નથી (શ્રી ધર્માચાર્યોમાં મુકેલાં વિશ્વાસને કારણે) પણ બાળજીવોને ખબર નથી કે શ્રી ધર્માચાર્યો બે પ્રકારનાં હોય છે. પુન્યલક્ષી અને આત્મલક્ષી. અહિંયા આગળ બાળજીવો સત્યની ઝુરણાં વગરનાં-અને કંઈક અંશે ધર્માંધતાનાં કારણે બાળજીવો અજ્ઞાનમાં રહીને અજાણતાં બળવાન જ્ઞાન વિરાધનાં કરીને અનંતા ભવોમાં ભટકી જાય છે. અને મળેલો માનવભવ જૈનકુળ અને જૈનધર્મ પામ્યાં પછી પણ બાળજીવો કશું પામી ન શકે તો કુળનું અને ધર્મનું સર્વશ્રેષ્ઠપણું બાળજીવને શ્રેષ્ઠ બનાવી ન શકે તો, બાળજીવોને માટે સર્વ શ્રેષ્ઠપણું કેમ મળ્યું ગણાય ? ધર્મ કરવાં છતાં ન મળે તો ન મળવાનું કારણ શ્રી ધર્માચાર્યો ગણાય અને બાળજીવોની સત્યની ઝુરણાંનો અભાવ ગણાય.

**ભવ ભ્રમણનું કારણ શું ?
ભવ બંધનનું મારણ શું?
મુક્તિને પામવા ધારણ શું ?
કર્મથી છુટવાં જારણ શું?**

### ''જૈન કુળત્વસાર''

જૈનકુળનાં સંસ્કાર-સ્વભાવ-સમજણ-સરળતાં-સમાધાનવૃતિ-સત્યાર્થકાર્ય પ્રવૃતિ-અવગુણોનો અભાવ-અહંકાર - અભિમાન - અપમાનીતતાંનું મંદપણું -અહિંસકવૃતિ - નિર્ભયતાની પ્રાપ્તી (પાપાચારની નિવૃતિ)-પરપિડનવૃતિ મંદ - પરદુખભંજન વૃતિ વિશેષ, પાપભીરૂ - વિચારોની સુક્ષ્મતાં અને બુધ્ધિની તિક્ષ્ણતાં - આહાર વિહારની સંયમતાં અને વિનય-વિવેક સભાનતાં વિગેરે નીતિશાસ્ત્રની યોગ્યતાં પૂર્વનાં ભવો થકી પ્રાપ્ત કરીને લગભગ જન્મથી જ આવી યોગ્યતાં જૈનકુળમાં બાળજીવ લઈને આવે છે. (પૂર્વનાં ભવોમાં કરેલી કષાયોની મંદતા અને ગુણો પ્રગટાવવાનાં ભાવનું જ લગભગ ફળ ગણાય). અને જૈનકુળમાં જન્મ લીધા પછી અર્થ-આરોગ્ય અને વ્યવહારીક સંબંધો અને વ્યાપારીક સાધનો લગભગ જરૂરીયાત કરતાં વિશેષ પામે છે. આવાં પ્રકારની જીવની આંતર અવસ્થા અને બાહ્ય અવસ્થા પ્રાપ્ત થયેલી હોય છે. અને ધર્મની પૂર્ણ સ્વતંત્રતાં (રાજ્યાશ્રય અને કુટુંબાશ્રયમાં પૂર્ણ સ્વતંત્રતાં) અને ધર્મ આરાધનાં માટે ધર્મ સ્થાનકો અને શ્રી ધર્માચાર્યોનો સમય-સંજોગ અનુસાર પૂર્ણ જોગ હોય છે. આવી મુક્તિમાર્ગ પામવા અને મુક્તિનાં માર્ગની આરાધનાં લગભગ જગતનાં કોઈપણ મોક્ષમાર્ગી સંપ્રદાયમાં નથી અને આવો મુક્તિ માર્ગનો સંપ્રદાય બીજો બનવાનો નથી માટે જ જૈનકુળમાં જન્મેલાં જીવોને દ્રવ્યથી માર્ગાનુસારી કહેવાય છે. અને થોડી સત્યની ઝુરણાં રાખે અને આત્મકલ્યાણનાં હિતાર્થે શ્રી ધર્માચાર્યો પાસેથી નમ્રતાં સહિત આદરભાવે અને ગુણ ઉલ્લાસીતપણે શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં આત્મકલ્યાણનો એવો નિશ્ચયબોધ કે આત્મધર્મ કે સિધ્ધાંતબોધનો જ આગ્રહ રાખીને નિર્ભયતાંપૂર્વક સવાલો કરીને સંતોષકારક જવાબ મેળવીને આત્મલક્ષ રાખીને શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં આત્મધર્મની આરાધનાં બાળજીવ શરૂ કરે તો બાળજીવે

અનુસંધાન પાના નં ૧૮ પર →

**અનુસંધાન પાના નં ૧૭ થી ચાલું**

મુક્તિ માગવાં કે ગોતવાં જવી ન પડે પણ સામેથી ક્રમિકપણે પ્રાપ્ત થાય. અને એક વખત જીવ જ્ઞાનમાર્ગમાં આવે પછી કોઈપણ ભવોમાં પડતો કે ભુલો પડતો નથી અજાણતાં પણ અજ્ઞાન સંજોગ અવસ્થામાં પણ જ્ઞાનમાં રહે છે. ‘‘જ્ઞાન એજ જ્ઞાન છે’’. અને દ્રવ્યે માર્ગાનુસારીનું ગુણસ્વભાવથી માર્ગાનુસારીપણું પામીને ભવ ભ્રમણની ભુલને ટાળીને, ભવમુક્તિનાં માર્ગમાં પ્રવેશ કરવો એજ જૈનકુળનું અને જૈનધર્મ મળ્યાનું સાર્થકપણું બને અને છે. (જીવ એક વખત મુક્તિનાં જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કરે તો જીવ સંજોગોએ અટકે પણ પાછો વળતો નથી). માટે જ શાસ્ત્રો રચયીતાં અને જ્ઞાની મહાપુરુષોએ કહેલ છે કે ‘મોક્ષનો માર્ગ મળવો અત્યંત દુર્લભ છે; પણ મળ્યાં પછી ચાલવું એ સહજ છે’. (આત્મસ્વભાવ) અને **શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં ‘‘જ્ઞાનમાર્ગ’’ને જ્ઞાનાર્થે ગ્રહણ કરવો એજ જ્ઞાન આરાધનાં અને ‘‘જ્ઞાનમાર્ગનો’’ પુન્યાર્થ આરાધવું એજ જ્ઞાન-વિરાધનાં અને આ વિરાધનાંમાં ત્રણ જ્ઞાન વિરાધનાંના દોષ લાગે છે.** શ્રી પરમાત્માની જ્ઞાન વિરાધનાં, તેમણે રચાવેલાં જ્ઞાનમાર્ગનાં શાસ્ત્રોની વિરાધનાં, અને તે શાસ્ત્રોનાં અનુભવિ એવાં આત્માનુભવ સદ્‌ગુરૂ (૩૬ ગુણોયુક્ત આચાર્ય)ની વિરાધનાં. આવા પ્રકારથી જીવે એક માટે ત્રણ જ્ઞાન ધારક અને સ્થાપકની વિરાધનાં અજાણતાં અને અજ્ઞાનતાએ કરે છે. પણ જ્ઞાન જ્ઞાનમાં રહીને જ્ઞાનથી સજા કરે છે. અને એ સજા, શ્રી પરમાત્મા, તેમનાં રચાવેલાં શાસ્ત્રો અને સદ્‌ગુરૂનો અનંતા ભવ વિયોગ કરાવે છે.

> **આત્મલક્ષી ધર્મ કર્યો,**
> **ઉપકારી ભાવે જિનને ભજ્યાં,**
> **દુ:ખે ગણીને ત્યાગ ગ્રહ્યો,**
> **છુટ્યો ભવ સંસાર.**

બાળજીવો અનંત ભવ ભ્રમણમાં ફરતાં-ફરતાં જ્યારે મોક્ષમાર્ગી સંપ્રદાયમાં માનવભવ મળે છે. ત્યાં-ત્યારે જીવ સંજોગ અનુસાર અને પૂર્વની પ્રાપ્ત કરેલી કષાય મંદતા અને વર્તમાન ભવમાં લગભગ સ્વચ્છંદથી ધર્મ જાણવાનો અને માનવાનો પ્રયાસ કરીને, મોક્ષમાર્ગી સંપ્રદાયમાં મળેલાં માનવભવને નિરર્થકપણે ગુમાવીને, અને મળેલાં માનવ ભવમાં અજાણતાં ‘‘પુન્યલક્ષી’’ બનીને અને બળવાન જ્ઞાન વિરાધનાનો દોષ બાંધીને ઘણાં કાળ અને ઘણાં ભવો સુધી મુક્તિનાં માર્ગ સંપ્રદાય ન મળે એવી ભ્રાંતિ (પ્રકૃતિ) બાંધે છે. ‘‘મિથ્યાત્વ મોહનિય’’ અને બળવાન જ્ઞાનાવરણીયનો બંધ બાંધે છે. જીવ અનંતાભવોથી (નિગોદમાંથી નિકળીને) બધા પ્રકારનાં ધર્મો અને બધી જ પ્રકૃતિને કાર્યશીલ બનાવી પણ એક આત્મધર્મની પ્રકૃતિ કાર્યશીલ ન બનાવી માટે બાળજીવોને ભવ-ભ્રમણમાં ફરવું પડે છે. એક વખત ‘‘સમકિત પ્રકૃતિ’’ શરૂ થયાં પછી જીવનું સહજતાથી આત્મકલ્યાણ શરૂ થાય છે. અને ક્રમિકપણે મોક્ષ પ્રાપ્તી કરે છે. સમકિત પ્રકૃતિ શરૂ ન થવાનું કારણ જીવે પૂર્વમાં કરેલી જ્ઞાન-વિરાધનાં અને વર્તમાન ભવમાં પણ જ્ઞાન-વિરાધનાં ચાલું અને સમકિત પ્રકૃતિ કાર્યશીલ ન થવાનું મુખ્ય અને પ્રગટ કારણ પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો જ ગણાય અને શા માટે ગણાય તેની વિચારણાં કરીએ.

જગતનો સર્વશ્રેષ્ઠ મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મ મળ્યો (જૈનકુળમાં), જગતનાં સર્વોતમ પૂર્ણ જ્ઞાનેશ્વર એવાં શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ઈષ્ટદેવ સ્વરૂપે મળ્યાં, અને પૂર્ણ જ્ઞાનથી સભર શાસ્ત્રો મળ્યાં, અને શાસ્ત્રોનાં જાણકાર એવાં શ્રી ધર્માચાર્યોનો યોગ સુલભતાથી થઈ શકે તેવાં સમય અને સંજોગ પ્રાપ્ત થયાં. તો પછી મોક્ષમાર્ગની અને મોક્ષની દુર્લભતા શા માટે ? અને તેનાં કારણો શું ? તેની વિચારણાં કરીએ. મોક્ષની સૌથી નજીકનો જો કોઈ સંપ્રદાય હોય તો તે જૈન સંપ્રદાય ગણાય. કારણ કે મોક્ષ અને મોક્ષમાર્ગમાં ચાલવાનાં ગુણોની - સ્વભાવની - સંસ્કારોની અને વ્યવહારીક અને વ્યાપારીક ગુણ સ્વભાવની સંજોગ અવસ્થા જે જૈન સંપ્રદાયમાં જીવને પ્રાપ્ત થાય છે, એવી સંજોગ અવસ્થા જગતનાં કોઈપણ મોક્ષમાર્ગી સંપ્રદાયમાં બાળજીવોને પ્રાપ્ત થતી નથી. માટે જ જૈન સંપ્રદાયને મુક્તિનાં દ્વાર નજીકનો સંપ્રદાય વ્યવહારથી કહીએ તો તે યથાર્થ છે. જૈન સંપ્રદાયમાં જન્મેલાં અને મુક્તિનાં અભિલાષી જીવોએ ધર્મનાં નામે કે ધર્મનાં કામે કે ધર્મ માટે કશું જ કરવાની જરૂર નથી ફક્ત પ્રથમ ‘‘મોક્ષમાર્ગ શું છે’’ ? મોક્ષમાર્ગમાં કોની નિશ્રા પ્રાપ્ત કરવાની છે ? (આત્મલક્ષી શ્રી ધર્માચાર્યોની) અને આત્મલક્ષી શ્રી ધર્માચાર્યો સંપ્રદાયમાં કોણ ગણાય અને ક્યાં છે ? તેની જો જીવને ખબર-સમજણ અને સત્ય જાણવાની ઝુરણાં કરે તો પણ જીવનું જૈનકુળમાં જન્મયાનું સાર્થકપણું ગણાય અને જ્ઞાન-વિરાધનાનાં દોષથી બચવાનું નિમિત્ત કારણ બને અને ભાવિ અલ્પ ભવોમાં આત્મધર્મ પામવાનું અને આરાધન કરવાનો યોગ પ્રાપ્ત થાય અને અનંત ભવ-ભ્રમણમાંથી છુટીને અલ્પ ભવોમાં મુક્તિ પામવી સહજ બને. ‘‘જ્ઞાન એજ જ્ઞાન છે’’. મુક્તિનાં માર્ગની પ્રાપ્તીની ઘણી જ વિચિત્રતા છે. મુક્તિનો માર્ગ

## જૈનો જાગો

રમેશ વૈભાણી

લેખાંક : ૫૮

પ્રાપ્ત કરવાનો નથી પણ મુક્તિનાં જ્ઞાનમાર્ગનાં અવરોધોને હટાવવાનાં છે. જ્યાં સુધી જ્ઞાન ન મળવાનાં અવરોધો (કારણો) જીવ હટાવે નહી ત્યાં સુધી જીવને જ્ઞાન પ્રાપ્તી થાય નહી અને જ્ઞાન પ્રાપ્તીનાં અવરોધ હટાવવાથી જ્ઞાન ગોતવાં જવું પડતું નથી પણ જ્ઞાન સામેથી જીવને મળે છે. (જ્ઞાનને ઓળખવાની દિવ્યતાં જીવને પ્રાપ્ત થાય છે. અને આત્માનુભવિ જ્ઞાનીને જ્ઞાન (શાસ્ત્રોનું જ્ઞાન) વાંચવા કે સાંભળવા જવું પડતું નથી પણ આત્માની ઉપરનાં આવરણો હટાવવાથી આત્મામાંથી આત્માનું અને આત્માઓ માટેનું જ્ઞાન પ્રકાશીત થાય છે.) માટે જ કહ્યું કે શાસ્ત્રોમાં મુક્તિનો માર્ગરહેલો છે. પણ તે માર્ગ કેમ પ્રાપ્ત કરવો તે આત્માનુભવિનાં હૃદયમાં રહેલો છે (જ્ઞાનની વિચિત્રતાં).

વર્તમાન ભવમાં બાળજીવોને મુક્તિનો જ્ઞાનમાર્ગ ન મળવાનું મુખ્ય કારણ; પૂર્વનાં ભવોમાં કરેલી જ્ઞાન-વિરાધનાં (પુન્યનાં યોગથી મુક્તિનો માર્ગ મળતો નથી) અને એ જ્ઞાન-વિરાધનાં કરાવનાર પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો અને જો વર્તમાન ભવમાં પણ જીવ મુક્તિનાં ઉપાયો સ્વરૂપનાં વ્રત-તપ-ત્યાગ-દાન અને અનુષ્ઠાનો જો પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો થકી બાળજીવો કરતાં હોય તો એ પણ આ ભવ અને ભાવિ ભવોમાં મુક્તિનાં જ્ઞાનમાર્ગથી દુર થવાનું અને રહેવાનું કારણ બને (વર્તમાન ભવમાં કરેલી જ્ઞાન-વિરાધનાનું ફળ). બાળજીવો મુખ્યપણે જ્ઞાન-વિરાધનાં જગતનાં કોઈપણ મોક્ષમાર્ગી સંપ્રદાયમાં અને જૈન સંપ્રદાયમાં પણ જ્ઞાન-વિરાધનાંનો દોષ પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં બળવાનપણે કરે છે. અને શ્રી ધર્માચાર્યો, નામભાવ કે માનભાવનાં કારણે બળપૂર્વક ધર્મ કરવાં કે કરાવવાનાં નામે બળવાન જ્ઞાન-વિરાધનાનો દોષબંધાવે છે.

> **શ્રી જિનનો આદેશ ગણી,**
> **કર્યો ત્યાગ સંસાર,**
> **શ્રી જિનની આજ્ઞાનો,**
> **કર્યો ધર્મમાં ધ્વંસ.**

(જ્ઞાનની જાણકારી અને સમજણ મેળવ્યા વગર કરેલો ધર્મ એજ જ્ઞાન વિરાધનાં બને છે. કારણ કે ગુણો પ્રગટાવવા અને કષાયોને મંદ કરવાં એવો લક્ષ નથી માટે બાળજીવોનું પુન્યલક્ષ સહજતાંથી સ્થપાય છે. અને પુન્ય પ્રાપ્તી અર્થે કરેલો ધર્મ એજ જ્ઞાન-વિરાધનાં બને છે.) બાળજીવો લગભગ શ્રી ધર્માચાર્યોની નિશ્રા વગર જ્ઞાન-વિરાધનાં કરતાં નથી અથવાં કરી શકતાં નથી અને કરવા માટેનું બળ પણ નથી (ધર્મનાં ભયે કરીને) અને શ્રી ધર્માચાર્યોનાં કહેવાથી અન્યની ધર્મનિંદા કરવામાં ભય લાગતો નથી (શ્રી ધર્માચાર્યોમાં મુકેલો અંધવિશ્વાસ). આવી રીતે બાળજીવો અજાણતાં અને અજ્ઞાનતાએ શ્રી ધર્માચાર્યો થકી બળવાન જ્ઞાન-વિરાધનાં કરે છે. અને ભાવિ ભવોમાં જીવ જ્યાં જાય તો તેને જ તેનું ફળ ભોગવવું પડે છે. સાથે જ્ઞાન-વિરાધનાં કરાવવાવાળા આવતાં નથી.

બાળજીવો જ્ઞાન-વિરાધનાં કેવી રીતે શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં કરે છે. તેનાં પ્રગટ લક્ષણોથી વિચારણાં કરીએ.

જીવ જ્ઞાન-વિરાધનાં મુખ્યપણે પાંચ કારણોની (પાંચ મુક્તિનાં અંગ) અને તેમાં પણ પ્રમુખ ત્રણ અંગોની કરેલી જ્ઞાન-વિરાધનાં બાળજીવોને અનંત ભવ-ભ્રમણમાં જવાનું કારણ બનાવે.

શ્રી તીર્થંકર પરમાત્માની (શ્રી ઈષ્ટદેવની) ભક્તિ જીવ પુન્યલક્ષે કરે અથવાં માનભાવે, નામભાવે કે સંસારભાવે કરે અથવાં સાત ભયમાંથી કોઈપણ એક ભય અથવાં અનેક ભયથી જો સેવા-ભક્તિ કે આરાધનાં કરે તો બાળજીવનું પુન્ય બંધાય પણ સાથે સંસારભાવથી અને સંસાર માટે કરેલી ભક્તિ ગણાય. અને શ્રી ઈષ્ટદેવ પાસે સંસાર કે સંસારી સુખ માગવાં (પુન્યલક્ષથી) કરેલી ભક્તિ સાધનાં એજ જ્ઞાન-વિરાધનાં બને.

**જ્ઞાનને જે ભાવે-જે સમજણે-જે વિચારથી-જે ઈચ્છાએ અને જે સંકલ્પે આરાધ્યું તેવું તેનું ફળ પ્રાપ્ત થાય. જ્ઞાન આત્માનું છે. અને જ્ઞાન આત્મસ્વભાવ માટે છે. અને તેથી જ્ઞાનનું આરાધન ફક્ત આત્માર્થે આરાધવું એ જ્ઞાનનો જ્ઞાન સ્વભાવ છે. અને અન્ય કોઈપણ કારણથી કરેલું જ્ઞાન આરાધન એ જ્ઞાનને જ્ઞાનવિભાવમાં લઈ જવાનું કારણ બને અને તેથી જ્ઞાનને જ્ઞાન વિભાવમાં લઈ જવું એજ જ્ઞાન-વિરાધનાં બને.**

> **પુન્યલક્ષી ધર્મ કર્યો,**
> **પુન્ય કારણથી જિનને ભજ્યાં,**
> **ભયે કરીને ત્યાગ ગ્રહ્યો,**
> **પામ્યો ભવ સંતાપ.**

અને જ્ઞાન વિરાધનાંથી બચવાનો એક જ ઉપાય કે શ્રી પરમાત્માનો પ્રથમ આપણી (બાળજીવો) ઉપર કરેલો ઉપકાર જાણવો-માનવો અને એ ઉપકાર ઉતારવાનો પ્રયત્ન (જીવનભર ઉતારી શકાતો નથી પણ ઉપકાર અનુભવિ શકાય છે.) સ્વરૂપે શ્રી પરમાત્માએ કહેલું કરવું અને તેમને જે ગમતું હતું (વ્યવહારથી કહેવાય) તે કરવું (ન થઈ શકે તો અબળાપણું માનવું આત્મહિતાર્થે છે. અને ગણાય) એ ઉપકાર ઉતારવાનું સ્વરૂપ બને. અને તે ઉતારવાં માટે બાળજીવોએ જીવનમાં એક જ શ્રી આત્મલક્ષી ધર્માચાર્યનું સ્થાપન કરીને તેમની આજ્ઞાથી-આજ્ઞામાં રહીને કરેલી જિન ભક્તિ અને વ્રત-તપ-ત્યાગ અને દાન વિગેરે બધા જ સાધનો ભવમુક્તિનાં કારણો બને અને બાળજીવ ધર્મને એક શ્રી ધર્માચાર્યને સ્થાપીને તેમની આજ્ઞાએ કરેલો આત્મધર્મ સ્વચ્છંદ રહીત અને એકપણ પ્રકારનાં દોષરહીત થાય છે. (શ્રી પરમાત્માનો ઉપકાર અને શ્રી ગુરૂદેવની આજ્ઞા કરેલી ધર્મસાધનાં નિસ્વાર્થ અને નિષ્કામ બને છે.) જીવ જીવનમાં એક જ આત્મલક્ષી શ્રી ધર્માચાર્યને ગુરૂપદે સ્થાપે પછી પણ જો ધર્મ ઓછો કરે અને ગુરૂ આજ્ઞામાં વિશેષ રહે તો પણ જ્ઞાન-વિરાધનાંનો દોષ ટાળે અને જ્ઞાન-આરાધનનો યોગ વર્તમાન ભવમાં કે ભાવિ ભવોમાં બને.

જીવે પૂર્વનાં ભવોમાં પુન્ય પ્રકૃતિને બળવાન બનાવી હોય અને સાથે પુન્યલક્ષનું બળવાન સ્થાપન કર્યું હોય તો જીવનો લગભગ ‘‘ભયીત’’ ભાવનું બળવાનપણું વર્તમાન ભવોમાં પ્રાપ્ત થાય છે. અને જીવની અંતરદશા અનુસાર અને સંજોગ અવસ્થાનાં પ્રમાણે અને પૂર્વનાં પાપ-પુન્યનાં કર્મોનાં આધારે જીવ સંસારભાવમાં રહીને સંસારથી ભય પામે છે. અને ભયનો આધાર રાખીને ધર્મ કરે છે. અને ભયનાં કારણે બાળજીવ કુળપરંપરાએ કે લોક અભિપ્રાયથી અને સંસારભાવરાખીને સંસારનાં ભયો ટાળવાનો લગભગ ધર્મ કરે છે. (માનેલો ધર્મ) અને તેમાં તેને પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોનો આધાર મળવાથી બાળજીવ પાપભીરૂને બદલે ધર્મભીરૂ (ભયનાં કારણે)

**અનુસંધાન પાના નં ૧૯ પર →**

અનુસંધાન પાના નં ૧૮ થી ચાલું

બને છે. અને પુન્ય એજ મોક્ષમાર્ગ સમજીને ધર્મમાં પુન્યનું સ્થાપન કરીને ધર્મ આરાધનાં કરે છે. (બાળજીવને ખબર નથી કે પુન્યની ધર્મ આરાધનાં એજ જ્ઞાન-વિરાધનાં બને છે.) અને પૂર્વનાં યોગે ભયભીત ભાવનાં કારણે સંસારમાં પાપો કરવા પડે અને પાપનું ફળ દુ:ખ અને તિર્યંચગતિ, નરકગતિ અને તિર્યંચગતિને ટાળવાં અને દેવગતિ પામવા બાળજીવ ત્યાગ તરફ આકર્ષાય છે. અને પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો સંસારનાં પાપકર્મો અને તેનાં ફળ બતાવીને બાળજીવને ત્યાગ માટે તૈયાર કરે છે. અને તેવાં ત્યાગી બાળજીવો ત્યાગ ધારણ કરીને પુન્ય બાંધવાનાં ઉપાયો અને સાધનો મેળવવાની કોશિષ કરે છે. (તંત્ર-મંત્રની સાધનાં, અર્થવાનને અર્થ પ્રાપ્ત કરાવી શકાય માટે, અને લગભગ આચાર્ય પદવી કે જેનાં થકી ધર્મમાં લગભગ બધાજ કાર્યો કરવાની પરવાનગી મળે છે. અને અન્ય સાધનાં અને અન્ય ઉપકરણો થકી) અને એ બાળજીવ સંજોગ અનુસાર આગળ વધીને સંપ્રદાયમાં બળવાન માન મેળવે છે. અને માન મળવાનું કારણ ત્યાગ અને પૂર્વકર્મ અને બાળજીવોની અજ્ઞાન અવસ્થા એવું પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો વિચારી શકતાં જ નથી. અને આવી રીતે લગભગ સર્વ મોક્ષમાર્ગી સંપ્રદાયમાં અને મુખ્યે કરીને જૈન સંપ્રદાયમાં પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો બને છે. (બાળજીવને ત્યાગ પહેલાં સાચા મોક્ષમાર્ગની જાણકારી મળે અને સાથે ભયે કરીને ત્યાગ નહીં પણ સંસાર એકાંતે દુ:ખદાયક અને દુ:ખોથી ભરેલો છે. માટે દુ:ખોને દુર કરવા નહીં પણ દુ:ખોથી છુટવા માટે મોક્ષમાર્ગનીપ્રાપ્તી અને આરાધનાં માટે ત્યાગ ગ્રહણ કરવાનો છે. જો એવી સમજણ બાળજીવને મળે તો લગભગ બાળજીવ પુન્યલક્ષી નહીં પણ આત્મલક્ષીપણું પ્રાપ્ત કરે છે.)

**‘‘સંસાર બાળજીવો માટે એકાંતે દુ:ખદાયક છે. સ્યાદવાદે જ્ઞાનીઓ માટે સંસારમાં રહેલાં બાળજીવો માટે કરૂણાદ્રષ્ટિ હોવાથી જ્ઞાની મહાપુરુષોને સંસાર દુ:ખદાયક લાગતો નથી પણ દ્રઢત્વથી સંસારનું સ્વરૂપ દુ:ખદાયક માને છે.’’**

અને ભયે કરીને ત્યાગી બાળજીવો ભાવિમાં લગભગ પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો બને છે. અને એવાં પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો સંપ્રદાયનાં હજારો બાળજીવોનાં ધર્મનાં આધાર અને ધર્મનાં માર્ગદર્શક બનીને હજારો બાળજીવોને પુન્યલક્ષી બોધ આપીને પુન્યલક્ષી બનાવે છે. અને મળેલાં માનવભવમાં સર્વશ્રેષ્ઠ કુળ-ધર્મ અને શ્રી ઈષ્ટદેવનું સફળપણું કરવાની બદલે નિષ્ફળ કરાવીને અનંત ભવ ભ્રમણમાં ફરતાં કરે છે. અને પુન્યલક્ષનાં બળવાનપણાંને કારણે બળવાન જ્ઞાન-વિરાધનાં કરાવીને મહામિથ્યાત્વનો બંધ બંધાવીને શ્રી ઈષ્ટદેવ-જ્ઞાન અને જ્ઞાનીનો વિયોગ થાય તેવી દશા બાળજીવોની બનાવે છે. અને બનવાનું કારણ બાળજીવોએ પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોમાં મુકેલો અંધ વિશ્વાસ અને સંસારી કરતાં ત્યાગી જીવો પ્રત્યે બળવાન આસ્થાભાવ અને તેનાં કારણે જ બાળજીવો શ્રી ધર્માચાર્યો થકી બળવાન જ્ઞાન-વિરાધનાં કરે છે. આવા પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોનાં મુખ્ય-મુખ્ય પ્રગટ લક્ષણોની વિચારણાં કરીએ.

**૧) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો**નાં હૃદયમાં પોતાનાં ગુરૂદેવ પ્રત્યે શ્રધ્ધા બળવાન હોતી નથી. પણ ત્યાગ લીધેલ હોવાથી વ્યવહારમાં ગુરૂ માનવાં પડે માટે ગુરૂ ગણાવે છે. પણ ગુરૂની આજ્ઞા લેતાં નથી અને માનતાં નથી અને ઘણી વખત ગુરૂની સાથે વિચારભેદનાં કારણે ગુરૂથી દુર જ રહે છે. અને દિક્ષા દેવા અને લેવામાં પણ એકનાં હસ્તક દિક્ષા અંગીકાર કરે, બીજાનાં શિષ્ય બને અને ત્રીજાની સાથે રહેવાનું કે સેવા-ભક્તિ કરવાનું બને. અને તેથી પોતાનાં ગુરૂમાં શ્રધ્ધાનું સ્થાન થતું નથી. **(જીવનમાં એક જ ગુરૂ અને તેમની જ સેવાભક્તિ અને તેમની આજ્ઞા એજ ધર્મ આવી સંસ્કાર સમજણ પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોમાં હોતી નથી).**

Website : www.jainojago.com

**૨) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** : બાળજીવોની પુન્યપ્રકૃતિ અને વર્તમાન ભવમાં બળવાન પુન્યલક્ષનું સ્થાપન કરાવવામાં નિમિત્ત કારણ બને છે. (બાળજીવો બળવાન પુન્યપ્રકૃતિ અને પુન્યલક્ષનું સ્થાપન ફક્ત શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં જ પ્રાપ્ત કરી શકે છે.)

**૩) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** : બાળજીવોને વ્રત-તપ-ત્યાગ અને દાન કરાવવામાં પ્રથમ પુન્યનું ફળ બતાવીને

**વેશ બદલ્યો બહારથી,**
**ધર્મને ટાળ્યો અંતરથી,**
**પામ્યા અંતરમાં ઉકળાટ,**
**કર્યો બહારથી કકળાટ.**

અને પુન્યનો આગ્રહ કરીને બાળજીવોને પોતાને ફાવતો અને ધર્મમાં શ્રી ધર્માચાર્યોનું નામ અને માન વધે એવી રીતે માનેલો ધર્મ કરાવે છે. અને શાસ્ત્રોનાં વાક્યોનો ગમતો અર્થ કરાવીને મન-ગમતાં (જેમાં નામભાવ અને માનભાવ વધે) ધર્મનાં પુન્યનાં નામે કાર્યો કરાવે છે.

**૪) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** શ્રી તીર્થંકર પરમાત્માને પરમ ઉપકારી ગણવાને બદલે પુન્યનું બળવાન સાધન

## જૈનો જાગો
લેખાંક : ૫૮

માનીને ધર્મનાં નામે (અજાણતાં જ્ઞાન-વિરાધનાં કરીને અને જ્ઞાન-વિરાધનાં કરાવીને) શુભ કાર્યો કરાવે છે. અને એવાં કાર્યોમાં શ્રી પુન્યલક્ષી ધર્માચાર્યોનો માનભાવ અને નામભાવનું મુખ્ય સ્થાપન હોય છે. (માનભાવ અને નામભાવને પણ સંસારભાવ કહેવાય કારણ કે પરોક્ષ તો સંસાર જ માંગે છે.) અને બાળજીવો સહજતાથી સંસારભાવ રાખીને જ કાર્યો કરે છે. (બાળજીવોની બુધ્ધિમાં સુખભાવ, સ્વાર્થભાવ અને માનભાવ હોવાથી વિપર્યાસબુધ્ધિ બનેલી હોય છે.)

**૫) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો**ની સમજણમાં-વિચારમાં અને સ્વભાવમાં અર્થનું સ્થાપન બળવાન હોવાથી તેમને મળતાં શ્રાવકો અથવાં બોધ આપતી વખતે મુખ્યત્વે બોધ પુન્ય બાંધવાનો જ બોધ આપે અને પુન્ય બાંધવા માટે ધર્મનાં નામે (શુભ કાર્યો કહેવાય) અર્થની જ વધારે સમય ચર્ચા-વિચારણાં કરતાં હોય છે. અને બોધ દેતી વખતે પણ અર્થને પ્રાધાન્ય આપીને (અર્થ ત્યાગો-પુન્ય બાંધોની) વિચાર શ્રેણીમાં જ વર્તતાં હોય છે. પણ અર્થનાં ઉપાર્જનને જ ઓછું કરો એવું ક્યારેય કહેતા નથી (જરૂરીયાતથી વધારે પ્રાપ્ત કરવાં શા માટે સમય બગાડીને પાપાચાર કરો છો અને સમયનો ધર્મમાં સદ્ઉપયોગ કરવાનું કહેતાં નથી).

**૬) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો આત્મધર્મ કે જેને નિશ્ચયબોધ કહેવાય અને જેનાં થકી શાસ્ત્રો રચાયાં છે તેવો નિશ્ચયબોધ પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો આપતાં નથી. પણ શાસ્ત્રોની બહારનો બોધ શાસ્ત્રોનો અનર્થ કરીને અથવા દેશ-કાળનો આધાર આપીને શાસ્ત્રોથી વિરુધ્ધનો બોધ જ આપે છે. શાસ્ત્રોની જ્ઞાન-વિરાધનાં કરીને બાળજીવોને ભ્રમિત કરીને મોક્ષમાર્ગની આરાધનાં ગણાવીને બાળજીવોને મિથ્યાત્વી ધર્મ (પુન્યલક્ષથી પુન્ય બાંધવું એજ મિથ્યાત્વીપણું) આપીને બાળજીવોને ભવ-ભ્રમણનાં માર્ગમાં મુકે છે. (ભવ-ભ્રમણનાં કારણોમાં ધર્મનાં સાધનોનો ઉપયોગ એજ જ્ઞાન-વિરાધનાં અને એજ મિથ્યાત્વીપણું)

**૭) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** પોતાનાં મતને-વિચારને અને કાર્યોને પુન્યનું કારણ ગણાવે છે. (તેઓ તેને મોક્ષનું કાર્ય માનતાં નથી) અને પોતાનાં કાર્યોની પૂર્ણતાં અર્થે સાધન શુધ્ધિનો આગ્રહ રાખતાં નથી.

**૮) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** : શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલો નિશ્ચયબોધને જાણે છે, પણ માનતાં નથી, આરાધતાં નથી અને બાળજીવોને આરાધાવતાં નથી છતાં ‘‘જ્ઞાન’’ (મોક્ષમાર્ગની આરાધનાં ગણે છે.) બળવાન જ્ઞાન-વિરાધનાં કરે છે. અને જ્ઞાન-વિરાધનાં કરાવે છે.

**૯) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** : પોતાનું નામભાવ અને માનભાવ વધે એ રીતનાં પુન્યલક્ષનાં સ્થાપન સહિતનાં પુન્યબોધને અનુલક્ષીને પુસ્તકો લખે છે. અને બાળજીવોને આગ્રહપૂર્વક વાંચનનો આગ્રહ કરે છે. [પુસ્તકની કિંમતમાં પણ અર્થનું સ્થાપન જ હોય છે. ઉંચી કિંમત અને ઘણી વખત અન્યનાં લખાણોને પણ (વાક્યો કે તત્વનો મર્મને) પોતાનાં નામે અનુવાદથી મુકીને પોતાનાં નામનો મહિમાં વધારવાની કોશિષ કરે છે. **(જ્ઞાની પુરુષો ક્યારેય અન્યનાં વાક્યોને પોતાનાં નામે મુકીને જ્ઞાન-વિરાધનાં કરતાં નથી જરૂર વખતે વાક્ય અને તેને પ્રકાશાવનારનું નામ આપીને આપે છે. પોતાનાં નામે નહીં.)]**

**૧૦) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** ગુણવાનને બદલે અર્થવાનનું સ્વાગત કરવામાં અને પ્રગટ કરવામાં વિશેષ સ્વભાવ અને આનંદ પામે છે. શ્રી ધર્માચાર્યોને અર્થ આપનાર બાળજીવો ગમે છે. તેમનાં અવગુણો છોડાવવામાં કે ગુણો પ્રગટાવવામાં વૃતિ નથી અને બાળજીવોનાં અવગુણો પણ અર્થ આપે ત્યારે સદ્ગુણો બની જાય છે.

### ગુણવાનનું ગૌરવ કરવાને બદલે સમૃધ્ધિવાનનું સ્વાગત કરવું તેને શું કહેવાય?

**૧૧) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો**નું પ્રમુખ વાક્ય કે આ કાળમાં મોક્ષ નથી માટે મોક્ષ નહીં પણ પુન્યનો બળવાન બંધ બાંધો. (શ્રી ધર્માચાર્યોની બાળજીવોને ભ્રમિત કરે એવી વાણી જ કહેવાય. કોઈ જીવ અજ્ઞાનમાંથી એક જ ભવમાં મોક્ષ પામે એવું તો બનતું જ નથી. જીવ મોક્ષમાર્ગમાં ક્રમિકપણે જ આગળ વધે છે.)

**૧૨) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો**એ શાસ્ત્રોનાં સુવાક્યો અને જ્ઞાની પુરુષોની વાણીનાં અર્થનો જ અનર્થ કરીને બાળજીવોને શાસ્ત્રોનો અર્થનો જ અનર્થપણે વ્યક્ત કરે છે. જેમ કે બાળજીવોને પુન્યાનુંબંધી પુન્યનો અર્થ જ અલગ અને ભ્રમિત કરે એવાં અર્થઘટન સ્થાપીત કરીને કરે છે.

**‘‘પુન્યાનુંબંધી પુન્યનો એક જ અર્થ’’**. એક પણ

**શ્રી જિનનું શરણું મળ્યું,**
**મળ્યો અલૌકિક ધર્મ,**
**કર્યો લોકઅભિપ્રાયથી,**
**થયો ધર્મ લૌકિક.**

પ્રકારની ઈચ્છા રહિત અલ્પ પણ પાપ-કર્મ બાંધ્યા વગર પ્રાપ્ત થયેલું અર્થ એનું નામ પુન્યનાં બંધ થકી (પુન્યનાં યોગે) પ્રાપ્ત થયેલું અર્થ અને એ અર્થનો ઉપયોગ પૂર્ણ કષાય રહિત અને એકપણ ભય રહિત (ફક્ત શ્રી પરમાત્માની કૃપાએ પ્રાપ્ત થયું અને તે તેમને જ અર્પણ કરવું એવી ભાવના સહિત) શ્રી પરમાત્માનાં કાર્યોમાં વપરાયેલું અર્થ એજ ફક્ત પુન્યાનુંબંધી પુન્યબંધનું કારણ ગણાય. જેનાં ઉદાહરણ સ્વરૂપ શ્રી વસ્તુપાલ-તેજપાલને પ્રાપ્ત થયેલું ધન અને તેનો ઉપયોગ શુધ્ધ સ્વરૂપથી શ્રી જિન મંદિરો બાંધવામાં કર્યો તેને ગણાય.

**૧૩) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** જે બાળજીવોનાં અર્થને શુભકાર્યોમાં વપરાવે છે અને બાળજીવો વાપરે છે ત્યારે બાળજીવો કેવા પ્રકારથી અર્થ પ્રાપ્ત કરે છે. તે જાણવાં છતાં તેમનો નિષેધ કરવાની બદલે તેમનો આદર કરીને શુભ આશિષ આપે છે. અને માંગલીક પણ આશિર્વાદ સ્વરૂપે આપે છે. તો તેવાં શ્રી ધર્માચાર્યોને માટે શું કહેવાય ? (જે અર્થનાં ઉપાર્જનને સંસ્કારી સમાજે પણ અમાન્ય ગણ્યા છે; જેમ કે જુગાર-રેસ-સટ્ટો વિગેરે થકી અર્થ ઉપાર્જનને ત્યારે ત્યાં સંપ્રદાયનાં પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો તેવાં વ્યાપારને ત્યગાવવાની બદલે આશિર્વાદ આપે તો શ્રી ધર્માચાર્યોની અંતર અવસ્થા કેવી ગણવી).

ક્રમશ : આવતા અંકે

**ગયા લેખાંક (૫૭)માં છાપકામની ભુલને કારણે બ્લોકની પંક્તિ છપાઈ ન હતી તે આ પ્રમાણે વાંચવી.**

**જે જીવ શ્રી જિનવરને ગણે,**
**જાણે પુન્યનું કાર્ય,**
**કરે દ્રષ્ટિનાં દોષથી,**
**ફરે ગતિમાં ચાર.**

# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# જૈનો જાગો સમકિત માગો

જે શ્રી ધર્માચાર્યો થકી જ્ઞાન વિરાધનાં થાય છે, તેવાં પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોનાં મુખ્ય મુખ્ય પ્રગટ લક્ષણો ગયા અંકથી ક્રમશઃ

**૧૪) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** બાળજીવોનાં અર્થનો લગભગ ઉપયોગ ધર્મનાં સ્થાનકો બનાવવામાં જ કરે છે કે જેનાંથી નામભાવ અને માનભાવનું સ્થાપન કરીને નામને કાયમીક કરવાનાં ભાવથી અને તે ધર્મનાં સ્થાનક ઉપર લગભગ અધિકાર પોતાની પાસે રાખે છે. અને વહીવટ પોતાને અનુકુળ જીવો થકી કરાવે છે. (સંઘનાં અર્થનો ઉપયોગ આવી રીતે કરાય ?)

**શ્રી પુન્યલક્ષી પૂણ્યના નામે (પોતાના નામનો મહિમા વધારવા માટે) અર્થનો મોટો વ્યય કરાવે છે. સદ્‌ગુરૂ સહજ સ્વરૂપે (ગુણ પ્રગટાવવાને કારણે) બળવાન પૂણ્યનું ઉપાર્જન કરાવે છે.**

**૧૫) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો** બાળજીવોને મુખ્યે કરીને પુન્ય બંધાવતી વખતે એવી સમજણ આપે છે કે પુન્ય બાંધો અને મહાવિદેહમાં શ્રી પરમાત્માની નિશ્રામાં મોક્ષ પામો. બાળજીવોને ભ્રમિત કરવામાં શ્રી ધર્માચાર્યો શાસ્ત્રોનું સંપૂર્ણ ઉલ્લંઘન કરે છે તેવું પણ વિચારી શકતાં નથી ? (પુન્યથી ક્ષેત્ર મળે પણ શ્રી પરમાત્માની નિશ્રા કે મોક્ષમાર્ગ તો ગુણ અને જ્ઞાન થકી જ મળે છે. તેવી સમજણ પણ શ્રી ધર્માચાર્યો રાખી શકતાં નથી.)

ચોથા આરાનાં અંત વખતે શ્રી મહાવીર સ્વામી ભગવાનની હાજરીમાં તેમનાં જ શિષ્યએ ભગવાનની સામે સ્થાપેલાં સંપ્રદાયની સંખ્યા શ્રી પરમાત્માનાં સંપ્રદાય કરતાં મોટી શા માટે હતી ? પુન્ય તો તે વખતનાં બધા જ બાળજીવોનું હતું કે જેનાં કારણે ચોથો આરો મળ્યો. તો આ તફાવતનું કારણ શું ?

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની નિશ્રામાં જે બાળજીવો હતાં તે આત્મલક્ષી આત્માની આરાધન કરવાંવાળા અને આત્માનો બોધ જાણવાની અને પામવાની ઝુરણાંવાળા જીવો કહેવાય ''ગુણ સ્વભાવી'' અને તેમની સામે થયેલાં શિષ્ય શ્રી ગોશાળકનાં સંપ્રદાયનાં બાળજીવો પુન્યલક્ષી અને પુન્યનું ઉપાર્જન કરવાની વૃતિવાળા બાળજીવો કહેવાય અને પુન્યનો બોધ અને પુન્ય પ્રાપ્તીની સાધનાં (તંત્ર-મંત્ર અને લબ્ધી પ્રયોગ) કરવાવાળા જીવો કહેવાય. પુન્યલક્ષથી અને પુન્યથી ક્ષેત્ર મળે પણ પુન્યનાં બંધથી આત્મધર્મ ન મળે. અને પ્રત્યક્ષ પરિણામથી અવલોકન

> **જે જીવ શ્રી જિનને જાણે,**
> **ગણે પરમ ઉપકાર,**
> **પુન્ય પ્રાપ્તીનાં કારણો,**
> **ભણે અન્ય સ્થાને.**

કરવું હોય તો વર્તમાન ભવમાં જૈનકુળમાં જન્મેલાં, જૈનધર્મ પ્રાપ્ત પામેલાં અને પૂર્વનાં બળવાન પુન્યનાં કારણે વર્તમાન ભવમાં અતિશય અર્થની પ્રાપ્તી થઈ હોય અને થતી હોય, સંજોગ અવસ્થા પૂર્ણપણે અનુકુળ હોય, સમયની પૂર્ણતાં પામેલાં હોય, ગમે તે શ્રી ધર્માચાર્યોનું સાન્નિધ્ય અને નિશ્રા પ્રાપ્ત કરી શકવા શક્તિમાન હોય, તો પણ શાસ્ત્રોમાં આપેલો નિશ્ચયબોધ કે આત્મધર્મ કે આત્મકલ્યાણનો બોધ પામી શકે છે ? પુન્યનાં લક્ષથી પુન્યલક્ષી બનીને પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોનું શરણું મળ્યું પણ આત્મલક્ષી શ્રી ધર્માચાર્યોનું શરણું શા માટે ન મળ્યું? તેનો વિચાર અર્થવાન બાળજીવો આત્માર્થે આત્માનો વિચાર કરે અને આવાં બાળજીવોની સંસારીક આધી-વ્યાધી કે ઉપાધીને ટાળી શક્યાં ? કહી શક્યા કે પૂર્વનાં કર્મોનો ઉદય. તો બાળજીવોને વિચાર શા માટે નથી આવતો કે 'પૂર્વમાં તો બળવાન પુન્ય બાંધ્યું અને તેનું ફળ વર્તમાનમાં તો સુખનાં સાધનોની સાથે રહું છું તો પછી વેદનીય કર્મનો ઉદય થયો કેવી રીતે ? શાતા કર્મની સાથે વેદનીય કર્મ કેવી રીતે ઉદય વર્તે છે ?'

> **જે જોગે જગ જાણશે,**
> **થાશે જગ કલ્યાણ,**
> **માને સકલ દર્શનનો સાર,**
> **પામે સકળ જગતનું જ્ઞાન.**

પુન્યલક્ષથી પ્રાપ્ત કરેલું પુન્ય ફળમાં મોક્ષમાર્ગનો યોગ ટળે-જ્ઞાનનો યોગ ટળે-જ્ઞાનીનો વિયોગ હોય **''યોગ થાય ફક્ત અજ્ઞાનનો અને અજ્ઞાનીનો''** અને પ્રાપ્ત થાય ફક્ત દુ:ખ-દુ:ખ-અને દુ:ખ. આત્માર્થે

## જૈનો જાગો

લેખાંક : ૫૮-બ

કરેલાં ધર્મનાં ફળમાં મોક્ષમાર્ગનો યોગ થાય-મોક્ષમાર્ગનાં જ્ઞાન અને આરાધન પ્રાપ્ત થાય અને જ્ઞાનીનો યોગ થાય અને સંસારીક જીવનમાં આધી-વ્યાધી-ઉપાધીથી મુક્તિ પામીને કે મુક્ત રહીને જીવનમાંથી **''અજ્ઞાન ટળે-અને અજ્ઞાનતાં કે અજાણતાં પણ અજ્ઞાનીનો યોગ ન થાય''.**

**૧૬) પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો**નું પ્રમુખ-પ્રખર અને પ્રગટ લક્ષણ એ કે બાળજીવોને ક્યારેય સાચું જ્ઞાન (સમ્યક્‌જ્ઞાન) આપતાં નથી. આખા ભવપર્યંત મોક્ષમાર્ગ અને મોક્ષનાં જ્ઞાનથી અજ્ઞાન રાખે છે. અજ્ઞાનમાં રહે તેવાં પ્રકારનું જીવન જીવરાવે છે. અજ્ઞાનમાં રહે તેવું જ વાંચન કરાવે છે. અજ્ઞાનમાં રહે તેવાં પ્રકારનાં ભય બતાવે છે (ધર્મ-વિરાધનાંના નામે). અજ્ઞાનમાં રહે તેવી જ જ્ઞાન-વિરાધનાં કરાવે છે. (અન્ય ધર્માચાર્યોની સામે પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો કર્મો બાંધવા નથી જતાં પણ શ્રાવકોને કર્મો બાંધવા અને પરપિડનનાં કાર્યોમાં મોકલે છે.) અજ્ઞાનમાં રહે તેવી જડતાં બાળજીવોમાં સ્થાપે છે. અજ્ઞાનમાં રહે માટે બાળજીવોને ધર્મ અને શાસ્ત્રો સંબંધી સવાલો પૂછવાં જ દેતા નથી (શ્રી ધર્માચાર્યોને સવાલ ધર્મનાં પૂછવાં એમાં જો વિરાધનાં થતી હોત તો શ્રી ગણધર પરમાત્મા શ્રી ભગવાનને સવાલો પૂછત નહીં. અને આપણને શાસ્ત્રો પ્રાપ્ત થાત જ નહીં) બાળજીવોને અજ્ઞાનમાં રાખવાં અને બાળજીવો અજ્ઞાની રહે અને અજ્ઞાનીપણે વર્તે એવું જ પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો ઈચ્છે છે. અને એવું જ કરાવવું એવું શ્રી પુન્યલક્ષી ધર્માચાર્યોનું જીવનમંત્ર-જીવનસુત્ર અને જીવનધ્યેય બનેલું હોય છે. અને તેમજ કરે છે. પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોનાં મુખ્ય મુખ્ય પ્રગટ લક્ષણોની વિચારણાં કરી અને વિશેષ લક્ષણોની વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

**શ્રી પુન્યલક્ષીની પૂણ્ય પ્રકૃતિ બળવાન હોય છે. અને બાળજીવોની પૂણ્ય પ્રકૃતિ બળવાન બનાવે છે.**

**સદ્‌ગુરૂની પૂણ્ય પ્રકૃતિ ક્ષય પામેલી હોય છે. અને બાળજીવોની પૂણ્ય પ્રકૃતિ મંદ બનાવે છે.**

### પુન્યલક્ષનું ફળ

જે બાળજીવો પુન્યલક્ષ સહિત શ્રી તીર્થંકર પરમાત્માની સાધના-આરાધનાં ભક્તિ કરે છે તેવાં બાળજીવો અજાણતાં અને અજ્ઞાનતાંએ જ્ઞાન-વિરાધનાં કરે છે. અને જ્ઞાન-વિરાધનાંનું ફળ અને પુન્યલક્ષનું પ્રગટ ફળ સ્વરૂપે બાળજીવોમાં પ્રગટતાં અવગુણોનું અવલોકન વિચારીએ, અને મુક્તિનાં માર્ગનાં ગુણોથી બાળજીવ કેટલો દુર થાય છે. અને શાસ્ત્રોનાં સારનાં ફરમાન(આજ્ઞા)નો ભંગ કરે છે, તેની વિચારણાં કરીએ.

**૧) પુન્યલક્ષી બાળજીવ** જીવનમાં એક જ ગુરૂ અને તેમની આજ્ઞાનું સર્વોપરીપણું માન્ય કરતો નથી.

**૧) મુક્તિનાં માર્ગમાં** બાળજીવને જીવનમાં એક જ ગુરૂ અને તેમની આજ્ઞાનો ધર્મ હોવો અનિવાર્ય છે.

**૨) પુન્યલક્ષી બાળજીવ** : ધર્મ અને ધર્મનાં કાર્યો સ્વચ્છંદથી કરે છે. (આજ્ઞાંકિતપણાનો ગુણ ગુમાવે છે.)

**૨) મુક્તિનાં માર્ગમાં** બાળજીવ સ્વચ્છંદે વર્તતો નથી અને વર્તવાનો અધિકાર નથી (નમ્રતાનો ગુણ કેળવેલો છે).

**૩) પુન્યલક્ષી બાળજીવ** : શ્રી પરમાત્માની સેવાભક્તિ પોતાની ઈચ્છાશક્તિથી અને પુન્ય બંધાય તેવું વર્તાય તો જ કરે છે. નહીંતર ઉદાસીન વૃતિ.

**૩) મુક્તિનાં માર્ગમાં** શ્રી પરમાત્માને ઉપકારીગણીને ભક્તિ આરાધનાં અને સાધનાં કરવાની હોય છે. અને બાળજીવ ગુરૂ આજ્ઞાએ કરતો હોવાથી તેમાં સ્વચ્છંદ ન આવવાથી પુન્યલક્ષ સ્થપાતું નથી છતાં બળવાન પુન્ય બંધાય છે.

**૪) પુન્યલક્ષી બાળજીવ** ધર્મનો અહંકારી-અભિમાની-અધિકારી અને સ્વ પ્રસંશક બને છે.

**૪) મુક્તિનાં માર્ગમાં** જીવને નમ્રતાનાં ગુણને કારણે અને માથે ગુરૂની નિશ્રા હોવાથી ધર્મનો અહંકાર-અભિમાન કે અધિકારી બનતો નથી અને બનવાનું કારણ પણ નથી (ગુરૂ ધર્મમાં આગળ હોવા છતાં કરતાં નથી તો બાળજીવથી ન કરાય તેવી બળવાન સમજણનાં કારણે દોષોનું નિવારણ સરળતાંથી થાય છે). અને ગુરૂનાં પ્રસંશક કાર્યો હોવાથી બાળજીવ ગુરૂનો પ્રસંશક બને છે. સ્વનો દોષ ટાળે છે.

> **પુન્યબોધનાં કારણે,**
> **થયો જ્ઞાન વિયોગ,**
> **પુન્યલક્ષનાં બોધથી,**
> **કર્યો જ્ઞાન વિરોધ.**

**૫) પુન્યલક્ષી બાળજીવ** કોઈને ઉપકારી માનતો નથી. પણ પોતાનાં સામર્થ્યથી પુન્ય બાંધે છે તેવું માને છે. અને ''હું''પણું સ્થાપીત કરે છે.

**૫) મોક્ષમાર્ગમાં** બાળજીવ પોતાનાં જીવનગુરૂને ઉપકારી માને છે, અને જે કાંઈ પ્રાપ્ત થયું કે થાય છે તેને ગુરૂકૃપા ગણે છે. (ગુરૂ ભક્તિનું ફળ નહીં)

**૬) પુન્યલક્ષી બાળજીવ**ને શાસ્ત્રોનો બોધ સાંભળવા મળ્યો નથી માટે આરાધ્યો નથી અને તેથી અનુભવ થયો નથી માટે શ્રધ્ધા આવી નથી અને શ્રધ્ધા નથી માટે શાસ્ત્રોને ઉપકારી માની શકતો નથી. (શાસ્ત્રોનો વિરાધક શાસ્ત્રોનો ઉપકાર કેમ માને ?)

**૬) મોક્ષમાર્ગમાં** બાળજીવને મુક્તિનો બોધ (શાસ્ત્રોનો બોધ) કે નિશ્ચયબોધ આરાધવાથી જે આનંદ-શાંતિ-નિર્ભયતાં-સલામતિ-સંતોષીપણું-અયાચકપણું-આત્મસ્વમાન-આત્મગૌરવ વિગેરે જે પૂર્વમાં કદી અનુભવ્યું ન હતું તે અનુભવતાં અને મોક્ષની વિશેષ પ્રતિતી થતાં લક્ષમાં આવે છે; કે ગુરૂને ઓળખવા માટે મુક્તિનાં માર્ગને જાણવા માટે અને સદ્‌ગુરૂને પ્રાપ્ત કરવાં માટે શાસ્ત્રો કેટલાં બધા ઉપયોગી થયાં તેનો અનુભવ જ્ઞાન થવાથી શાસ્ત્રોનો પરમ ઉપકાર માને છે, અને ગણે છે. અને તેથી જીવન કરતાં પણ વિશેષ સ્થાન શાસ્ત્રોને આપે છે.

**અનુસંધાન પાના નં ૨ પર →**

Website : www.jainojago.com

અનુસંધાન પાના નં ૧ થી ચાલું

**આ લેખાંકની લેખમાળા લખનારને લેખ લખતાં–લખતાં શાસ્ત્રોનું સ્મરણ સહજતાંથી થાય છે. અને શાસ્ત્રોનો કેટ–કેટલો લખનાર ઉપર ઉપકાર કર્યો કે શાસ્ત્રો છે તો આ લેખમાળા લખાણી અને લખાણને જગતમાં કોણ આધાર આપી શકે ? અને એ આધારને કોણ સ્વીકારી શકે ? જે લેખાંકની લેખમાળાનો આધાર સ્થંભ શાસ્ત્રો છે. તો પછી જગતનાં કોનાં આધારની જરૂર છે ? અને જગતમાં આ આધારને કોણ ટાળી શકે? લેખાંક લખનાર દરેક લેખાંક વખતે શાસ્ત્રોનો અનંતા–અનંત ઉપકાર અનુભવે છે. અને અનુભવનાં કારણે અનંત જ્ઞાન–અનંત દર્શન–અને અનંત વિર્ય ઉલ્લાસીતપણું પામીને ''શાસ્ત્રોનાં સાર સ્વરૂપ'' લેખોની લેખમાળા લખાય છે, અને જ્યાં સુધી વ્યવહારથી શ્રી પરમાત્માની ઈચ્છા – શાસનદેવીની સંજોગ સહાયતાં અને સમકિતી દેવ–દેવીઓની શાસન સહાયતાં (નિર્વિઘ્નપણું) રહેશે ત્યાં સુધી લેખાંકોનાં–લખાણોના–લક્ષ ક્ષતિરહિત યોગલબ્ધી પ્રકાશતી રહેશે.**

**૭) પુન્યલક્ષી બાળજીવ**ને ગુરૂનું સ્થાપન ન હોવાથી લગભગ જ્ઞાન-વિરાધનાં કરીને અજ્ઞાનમાં રહે છે.

**૭) મોક્ષમાર્ગમાં** બાળજીવ માર્ગનું જ્ઞાન પ્રથમ જાણવાનું હોય છે. અને તેથી જ્ઞાન-વિરાધનાંથી બાળજીવ બચે છે. અને જ્ઞાન-આરાધનાંનો યોગ થાય છે.

પુન્યલક્ષી બાળજીવને પુન્યલક્ષને કારણે અનેક પ્રકારનાં અવગુણો પ્રાપ્ત થાય છે જેમ કે ગુરૂનો યોગ ન હોવાથી લોભ-ક્રોધ - મોહ - માયા - વિકારભાવ - વિષયોનાં ભાવ-અસંતોષીપણું - યાચકવૃતિ - વિશેષ સંસાર વધારવાની વૃતિ - દયા દ્રષ્ટિ અને કરૂણાં રહિત ક્રોધનાં કારણે હિંસક સ્વભાવ - નામ અને માનભાવને કારણે ઉપકારીભાવને બદલે અપકારીપણું ધારણ કરે. લોભનાં અને યાચક ભાવનાં કારણે ભય પામે, વિગેરે અવગુણો બળવાન થવાથી બાળજીવ મોક્ષમાર્ગનાં આરાધક ગુણો તો ગુમાવી દે છે. અને તેની બદલે વિરાધક અવગુણો બળવાન થવાથી બાળજીવ **પુન્યલક્ષનાં ફળ સ્વરૂપે** અનંતા માનવભવ ''પુન્યનાં'' ફળ સ્વરૂપે પામે છે. પણ ''લક્ષનાં'' કારણે આવેલાં અનંતા માનવભવમાં મોક્ષમાર્ગી સંપ્રદાય મળવો અત્યંત દુર્લભ થાય છે. અને જો મોક્ષમાર્ગી સંપ્રદાય વગરનો મળેલો માનવભવ એ પાંચ ઈન્દ્રિયવાળો ગુણ સ્વભાવ વગરનો માનવભવ પામે અને એ માનવભવમાં મળે છે, ભય-અસલામતી- અને તેનાં કારણે જીવનો બનતો હિંસક સ્વભાવ અને તેનાં ફળ સ્વરૂપે અનંતા-અનંત દુ:ખ-દુ:ખ-અને અગણીત-અમાપ અને સહન ન થઈ શકે તેવી લાચારીની વેદનાં, આવું ફળ છે પુન્યલક્ષનું. અને પુન્યલક્ષી બનાવનાર છે સંપ્રદાયનાં પુન્યલક્ષી નામ-અને માનભાવનાં બળવાન આગ્રહી એવાં શ્રી ધર્માચાર્ય.

> **ભયે કરીને ત્યાગ ગ્રહ્યો,**
> **કર્યો પુન્ય વ્યવહાર,**
> **દીધો બોધ ઉપદેશક,**
> **થયા જ્ઞાન વિરાધક.**

માટે વ્યવહારથી એમ કહેવાય કે પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો પુન્યનાં વ્યાપારી કહેવાય અને તેઓ ધર્મનાં નામે અને શ્રી પરમાત્માનાં કાર્યો અર્થ લઈને પુન્યનું વેચાણ કરે છે. અને એ અર્થથી પોતાનાં નામભાવ-માનભાવને (પરોક્ષ સંસારભાવને) પોષે છે. અને બાળજીવોનાં સંસારભાવને પોષણ આપે છે. અને ભવ ભ્રમણનાં માર્ગમાં ફરવાનું કારણ અને સાધન આપનાર એવાં શ્રી પુન્યલક્ષી ''શ્રી ધર્માચાર્યોને પોતાનો માનવભવ કે જૈનકુળ કે ત્યાગપણાંને નિષ્ફળ કરવાનો અધિકાર છે. પણ ધર્મનું માન લેવાનાં કારણે બાળજીવોને શાસ્ત્રોનાં બોધથી કે મુક્તિનાં માર્ગથી દુર કરવાનો અધિકાર નથી''. બાળજીવોને જૈનકુળમાં જન્મીને શ્રી તીર્થંકર પરમાત્માનો બોધ અને સમ્યગ-દર્શન પામવાનો જન્મથી જ અધિકાર પ્રાપ્ત થાય છે. અને એ અધિકારનો પૂર્ણ આદર સહિત માન્ય કરવો એ શ્રી ધર્માચાર્યોનું સંપ્રદાયે (શ્રી સંઘે) ચડાવેલો ઉપકારને ઉતારવાનો યોગ ગણીને આત્મકલ્યાણ કરાવવું એજ શ્રી ધર્માચાર્યોનું કર્તવ્ય અને બાળકલ્યાણ ગણાય.

Website : www.jainojago.com

## પુન્યલક્ષી બોધક પુન્યથી શું આપી શકે છે ???

- કયા પુન્યથી જૈનપણું મળે ? કે કયા કષાયોની મંદતાએ?
- કયા પુન્યથી મુક્તિનો માર્ગ મળે ?
- કયા પુન્યથી શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ ભય અને સ્વાર્થ રહિત પ્રાપ્ત થાય.
- કયા પુન્યથી જીવ માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરે ?
- કયા પુન્યથી જીવ સમ્યગ-દર્શન પ્રાપ્ત કરે ?
- કયા પુન્યથી જીવ સમાધી-મરણ પ્રાપ્ત કરે ?
- કયા પુન્યથી જીવ કાળ મર્યાદાનું સમકિત પ્રાપ્ત કરે?
- કયા પુન્યથી જીવ ઉપાધ્યાયજી બને ?
- કયા પુન્યથી જીવ આચાર્ય ભગવંત બને ?
- કયા પુન્યથી શ્રી તીર્થંકર નામકર્મ બંધાય ? (સહનશીલતાં અને કરૂણા દ્રષ્ટિએ કે પુન્યથી?)
- કયા પુન્યથી દેહાત્મબુધ્ધિ ટળે ?
- કયા પુન્યથી નિર્મળ બુધ્ધિ બને ?
- કયા પુન્યથી દેહાતીત ભાવ આવે ?
- કયા પુન્યથી નિર્વિકલ્પ સમાધી આવે ?
- કયા પુન્યથી ''એક અવતારીપણું પ્રાપ્ત થાય''?
- કયા પુન્યથી ''કેવલ્યજ્ઞાન'' પ્રકાશીત થાય ?
- કયા પુન્યથી કષાયોનો ક્ષય થાય ?
- કયા પુન્યથી આત્મીક ગુણો પ્રકાશીત થાય ?
- કયા પુન્યથી આત્મસાક્ષાત્કાર થાય ?
- કયા પુન્યથી વિષયોમાંથી આસક્તિ છુટે ?
- કયા પુન્યથી રાગ-દ્વેષ ટળે ?
- કયા પુન્યથી અજ્ઞાન ટળે ?
- કયા પુન્યથી માતા-પિતાની ભક્તિયોગ મળે ?
- કયા પુન્યથી શ્રી પરમાત્મામાં શ્રધ્ધા અને નિશંક શ્રધ્ધા સ્થપાવી દે છે ?
- કયા પુન્યથી શ્રી પરમાત્માની ભયરહિત અને યાચકભાવ રહિત ભક્તિ કરાવી શકે ?
- કયા પુન્યથી હિંસકભાવ છુટે ?
- કયા પુન્યથી માનભાવ-નામભાવ છુટે ?
- કયા પુન્યથી કરૂણાં દ્રષ્ટિ પ્રકાશીત થાય ?
- કયા પુન્યથી જીવન જન્મનો મોહ છુટે ?
- કયા પુન્યથી મરણનો ભય ટળે ?
- કયા પુન્યથી જીવન જીવવાનો લોભ ટળે ?
- કયા પુન્યથી આત્મસ્વમાન પ્રગટે ?
- કયા પુન્યથી આત્મગૌરવ પ્રાપ્ત થાય ?
- કયા પુન્યથી પાપ-પ્રકૃતિનો ક્ષય થાય ?
- કયા પુન્યથી પુન્ય પ્રકૃતિનો ક્ષય થાય ?
- કયા પુન્યથી આત્મામાંથી આત્મજ્ઞાન કે જે શાસ્ત્રોનો સાર કહેવાય અથવા નિશ્ચયબોધ કહેવાય કે જે નિશ્ચયબોધ-સાંભળવા-જાણવાં-માનવાં-શ્રધ્ધવાં-આરાધવાં-અનુભવવાં- અને પ્રકાશીત કરવાં માટે કયું પુન્યફળ જોઈએ ?

પુન્યલક્ષ સહિતની ભક્તિ-સાધનાં
આરાધનાં એજ ભવમુક્તિની વિરાધનાં
''અને''

આત્મલક્ષ સહિતની (જીવનમાં એક ગુરૂનાં સ્થાપન સહિતની) સાધનાં એજ જ્ઞાન આરાધનાં અને એજ ભવ મુક્તિની સાધના.

## પુન્યત્વ સાર

**બાળજીવો પુન્યલક્ષ સહિત પુન્ય બાંધીને શું મેળવશે ? શ્રેષ્ઠકુળ–શ્રેષ્ઠધર્મ–સર્વશ્રેષ્ઠ શ્રી ઈષ્ટદેવ તો પ્રાપ્ત થયાં છે. આનાથી વધારે મુક્તિ માટે જગતમાંથી શું મેળવવાનું છે કે જે માટે બાળજીવોને પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો પુન્યલક્ષી બનાવે છે. પુન્યનાં ફળે કદાચ બાળજીવોને દેવલોક પ્રાપ્ત થાય તો દેવલોકમાં જઈને જીવ શું કરે ?**

**૧) ઈન્દ્રનું દાસત્વ કરે છે. (અહીંયા શ્રી તીર્થંકર પરમાત્માનું દાસત્વ ધારણ કરવાં તૈયાર નથી.)**

**૨) ઈન્દ્રની આજ્ઞામાં વર્તે ? (અહિંયા ગુરૂની આજ્ઞામાં રહેવા તૈયાર નથી.)**

**3) ઈન્દ્રની આજ્ઞાથી પોતાનું ભવન છોડીને ઈન્દ્રની આજ્ઞાથી ઢોલ–નગારાં વગાડવા જવાં તૈયાર છે. (અહિંયા ગુરૂની આજ્ઞા માનવા તૈયાર છે ?)**

**૪) જે દેવલોકનાં દેવોનું અત્યારે આદર સાથે નામ લેવાં તૈયાર નથી અને લીધું હોય તો ??? ગણાયો તો શું જીવ ત્યાં જઈને વર્તમાન સ્થિતી પ્રાપ્ત કરવી છે?**

**૫) જે દેવલોકમાં ગયાં પછી ક્યાં જઈશું તેની ખબર નથી છતાં દેવલાક પ્રાપ્ત કરવો છે ? (નરકમાંથી નિયમથી માનવભવ મળે છે.)**

**શ્રી તીર્થંકર પરમાત્માએ જિન આજ્ઞાથી ફરમાવ્યું કે મિથ્યાત્વ સહિતનો કોઈપણ દેવલોક નકામો પણ સમકિત સહિતનો નરકવાસ સ્વિકાર્ય ગણ્યો છે.**

**શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાની વિરુધ્ધનું કાર્ય કરવું અને પરીણામ મેળવવું એજ શ્રી તીર્થંકર પરમાત્માની અને જ્ઞાન–વિરાધનાં બળવાન કરી ગણાય.**

•

## સુદેવ, સુશાસ્ત્ર અને સુગુરૂની યથાર્થ સ્વરૂપની સમજણ ભાવી સમકિતનું કારણ બને.

## ''શ્રી પ્રભુનાં દ્વારે – સદ્ગુરૂ દ્વારા – મુક્તિનાં દ્વારે''

જે બાળજીવોને આત્માનુભવિ જ્ઞાની મહાપુરુષોનો યોગ થાય છે તે બાળજીવો પરમ ભાગ્યવાન હોય છે. તેઓએ પૂર્વમાં બળવાનપણે પુન્યલક્ષને ટાળીને (વૃતિને) ઘણાં અંશે પુન્ય પ્રકૃતિને મંદ કરેલી હોય છે. (જ્ઞાન-વિરાધનાંનાં દોષથી બચેલા હોય છે.) પણ જ્ઞાન અને જ્ઞાનીને ઓળખી શકતાં નથી. પણ જ્યારે જીવ સંસારીક આધી-વ્યાધી-ઉપાધીથી પિડા પામે છે (મુખ્યે કરીને દેહની) ત્યારે તે પિડાને શમાવવાનાં ઉપાય સ્વરૂપે બાળજીવ તે સંતની પાસે જાય છે. બાળજીવ સંતની પાસે જાય છે ત્યારે તે બાળજીવને ધર્મની-મુક્તિની કે જ્ઞાનમાર્ગની કશી જ જાણકારી હોતી નથી. તેમજ તે સંતમાં પણ શ્રધ્ધા કે વિશ્વાસ હોતો નથી પણ બાળજીવની દેહાત્મબુધ્ધિને કારણે દેહની પીડા શમાવવાં માટે શ્રધ્ધા-અશ્રધ્ધા વગર સાંભળેલી વાતો અનુસાર સંતની સમીપ જાય છે. અને પોતાનાં આધી-વ્યાધી-ઉપાધીને દુર કરવાનો ઉપાય વિચારે છે. ત્યારે આત્માનુભવિ-સદ્ગુરૂ-સંત (વય-વેશનાં ભેદ રહિત અભ્યંતર ચારિત્ર થકી પ્રગટેલાં ૩૬ ગુણોયુક્ત હોવાથી) તે બાળજીવને સામાન્ય નિર્દોષ પદાર્થોનો ઉપાય આપીને (નિમિત્ત કારણ સ્વરૂપે) તે બાળજીવને આધી-વ્યાધી-ઉપાધીથી મુક્ત કરે છે. અને તેનાં ફળ સ્વરૂપે બાળજીવ તે સંતનું હ્રદયમાં સ્થાપન કરે છે. સાચા સદ્ગુરૂ-સંતનું પ્રમુખ અને પ્રગટ લક્ષણ કે અશ્રધ્ધાવાન બાળજીવને (શ્રધ્ધા વગરનાં જીવને) પણ પરિણામો આપી શકે છે. શ્રધ્ધાવાન જીવોને પરીણામ આપવાં સહજ છે. પણ અશ્રધ્ધાવાન જીવને પરીણામ આપવાં અને શ્રધ્ધામાં લાવવાં એ સદ્ગુરૂનું સામર્થ્ય છે. અશ્રધ્ધાવાન બાળજીવ શ્રધ્ધામાં આવીને સદ્ગુરૂનો નિયમિત સત્સંગની અમુતવાણીનો લાભ લે છે. અને તે બાળજીવ વિચારોમાં

> **શસ્ત્ર ધારી તે શુરવીર,**
> **શાસ્ત્રો ધારે તે વીર,**
> **શાસ્ત્રો થકી સ્વરૂપને સર્જે,**
> **તે નર સદા શુરવીર.**

અનુસંધાન પાના નં ૩ પર →

**અનુસંધાન પાના નં ૨ થી ચાલું**

અને સ્વભાવમાં પરમ શાંતિનો અનુભવ કરે છે. અને બાળજીવને મુંઝવતા સવાલોનો જવાબ મેળવીને સમાધાન પામે છે. સાચા સદ્‌ગુરૂ સંત એજ કે જે તેમનું (સદ્‌ગુરૂનું) સાંભળે છે તેવાં બાળજીવોનું પૂર્ણ ધ્યાન સદ્‌ગુરૂ રાખે છે. આત્માનુભવિ સંતની વાણી (પૂર્વમાં સાંભળેલી ન હોય અને જે વાણીનું વિસ્મરણ ન થાય તેવી અને આત્મધર્મને અનુભવેલો અને પ્રકાશતાં હોવાથી) અપૂર્વપણું પામેલી હોવાથી બાળજીવો સતત તે વાણીની ઝુરણાં કરે છે. (જ્ઞાન-આરાધનાં બાળજીવની શરૂ થઈ જાય છે. બાળજીવોને ''ખબર'' ન હોવા છતાં) અને બાળજીવો ભવમુક્તિ કે મોક્ષ માગતાં નથી, માગવા આવ્યાં પણ ન હતાં અને મુક્તિનાં માર્ગની ખબર જ ન હતી, છતાં જ્ઞાની મહાપુરુષ બાળજીવોનું ''અજ્ઞાન'' ટાળીને, જ્ઞાનની સમજણ આપીને અલ્પ પુરુષાર્થ કરાવીને બળવાન પરીણામો બાળજીવોને અનુભવરાવીને પ્રાપ્ત કરાવે છે; ''જે જ્ઞાન પરીણામ બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય હોય જ છે''. અને બાળજીવોને સરળતાંથી, સહજતાંથી-સમાધાન સ્વરૂપથી, નિર્ભયભાવે - અહિંસક સ્વભાવે, આત્મસ્વમાનથી - આત્મગૌરવ જાળવીને સંસાર સાર વગરનો (નયસાર) બતાવીને સંસારમાં અલ્પ ''કર્મશું'' બનીને જીવન કેમ જીવાય તેનું ભાન કરાવી દે છે. અને બાળજીવો સદ્‌ગુરૂની રીધ્ધીથી સમ્યગ-દર્શનની સિધ્ધી નિર્દોષ ભાવે પ્રાપ્ત કરે છે.

૧) સદ્‌ગુરૂ ''જ્ઞાનબળે''-''વિચારબળે''-''યોગબળે'' અને ''નિર્દોષ સમજણ શક્તિથી'' બાળજીવોની વિચાર શક્તિને ફેરવે છે. (ભવ-ભવાંતરની માન્યતાંઓની ભ્રાંતિ તોડાવીને જીવનમાં ક્રાંતિ લાવે છે, સમ્યગ-જ્ઞાનની બળવાન સમજણ સ્થપાવીને) બાળજીવોનાં જીવનમાં શ્રી તીર્થંકર પરમાત્માની (શ્રી ઈષ્ટદેવની), શ્રી ઈષ્ટદેવે રચાવેલાં શાસ્ત્રોની અને પ્રત્યક્ષ અનુભવમાં રખાવીને સદ્‌ગુરૂમાં બળવાન શ્રધ્ધાનું (સ્વાનુભવ શ્રધ્ધાનું) સ્થાપન કરાવી દે છે. જેમ કે શ્રી તીર્થંકર પરમાત્માનું યથાર્થ સ્વરૂપ સમજાવીને અને શ્રી પરમાત્માનો ઉપકાર શા માટે તેનાં કારણો જણાવીને (શાસ્ત્રો આપીને મોક્ષમાર્ગનો બળવાન આધાર આપીને)

૨) શાસ્ત્રોનો પરમ ઉપકાર કે તેનાં થકી સદ્‌ગુરૂને ઓળખી શક્યાં અને સદ્‌ગુરૂની વાણીની માન્યતાંનું માપ પણ શાસ્ત્રોએ આપી દીધું.

૩) અને સદ્‌ગુરૂએ શ્રી તીર્થંકર પરમાત્માનું યથાર્થ સ્વરૂપ અને શાસ્ત્રોનું જ્ઞાન (નિશ્ચયબોધ) જણાવીને મનાવીને - અલ્પ પુરુષાર્થ થકી બળવાન અનુભવગમ્ય અને બુધ્ધિગમ્ય પરીણામો આપીને અને સંસારીક-વ્યવહાર ધર્મમાં ''રક્ષા-કવચ'' બનીને બાળજીવોને મુક્તિનાં માર્ગમાં લાવીને અલ્પ-પુરુષાર્થ થકી, અલ્પ ભવોમાં લાવવાનું કાર્ય કર્યું ગણીને બાળજીવો સદ્‌ગુરૂને ''જીવન ઉપકારી'' માનીને શ્રધ્ધા સ્થાપે છે. અને બાળજીવો ''જ્ઞાની''ની ''આજ્ઞા''ને માનીને :

**૧) શ્રી ઈષ્ટદેવમાં શ્રધ્ધા :** બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્મામાં પૂર્ણ શ્રધ્ધા કરે છે. (સદ્‌ગુરૂ પૂર્ણ શ્રધ્ધા ધરાવતાં હોવાથી) અને અન્ય ધર્મનાં પોતાનાં શ્રી ઈષ્ટદેવમાં શ્રધ્ધા કરે છે. (વ્યવહાર ઉપયોગમાં ઈશ્વર ઈચ્છા બળવાન માનીને જીવે છે.)

**૨) શ્રી ઈષ્ટદેવમાં નિશંક શ્રધ્ધા :** બાળજીવો સહિત સદ્‌ગુરૂ શ્રી ઈષ્ટદેવ સિવાય અન્ય કોઈની શ્રધ્ધા કરતાં નથી (સર્વ દેવોનો આદર અને વંદનીય ભાવ રાખે છે પણ ઉપકારી ભાવ તો શ્રી ઈષ્ટદેવમાં જ રહે છે.) અન્ય કોઈ દેવોમાં ઉપકારીભાવ કે સ્વાર્થભાવ કે સુખભાવ ન લાવવાથી અન્ય દેવોમાં સહજ ભાવ રહે છે. અને શ્રી ઈષ્ટદેવમાં અનન્યભાવ (અન્ય કોઈ તરફ નહીં તેવો ભાવ) સ્થપાય છે. અને તેથી શ્રી પરમાત્મામાં નિશંક શ્રધ્ધા સ્થપાય છે.

**૩) શ્રી ઈષ્ટદેવની સાત ભય રહિતની ભક્તિ :** બાળજીવોનું ''જીવનરક્ષા'' કવચ બનીને સદ્‌ગુરૂ રહે છે. અને ''સદ્‌ગુરૂ'' આવતાં ભવે (એક અવતારી) કે વધીને ત્રીજા ભવે (ક્ષાયિક સમકિત) મુક્તિ પામવાનાં હોવાથી બાળજીવોને બળવાન શ્રધ્ધા ધરાવતાં હોય છે. કે અમને પણ અલ્પ ભવોમાં મોક્ષાર્થી બનાવશે. અને જ્ઞાન-વિરાધનાંથી બચાવે છે. તેથી સાધનાનાં માર્ગમાં અવરોધો આવતાં ન હોવાથી બાળજીવોને પુન્ય પ્રકૃતિનું બળ અને પુન્યવૃતિનો ક્ષય થાય છે. (બાળજીવોને વ્યવહારથી અન્ય જીવો પુછે કે તમે ભવ-ભ્રમણમાં ડુબશો, બાળજીવો (સતનો સંગી) જવાબ આપે છે કે અનંતા ભવો અન્ય થકી અનંત વખત ડુબ્યા એક ભવ હાથે કરીને ડુબશું તો શું ફરક પડવાનો છે.) શ્રધ્ધા અને અનુભવ થકી બાળજીવો નિર્ભયતા પામે છે. જાતિ સ્મરણજ્ઞાનનું બળવાનપણું આવતાં બાળજીવોમાં અખંડ શ્રધ્ધા અને પૂર્ણ નિર્ભયતાં પ્રાપ્ત થાય છે. તે પ્રાપ્ત કરવામાં ''પૂર્ણ નમ્રતા ધારણ સ્વરૂપ'' તેથી બાળજીવોમાં શ્રી ઈષ્ટદેવ શ્રી તીર્થંકર પરમાત્માની ભય રહિતની ભક્તિનું સ્થાપન થાય છે.

**૪) શ્રી ઈષ્ટદેવની સ્વાર્થ રહિતની યાચકભાવ ટાળીને શ્રધ્ધા ભક્તિ :** પ્રત્યક્ષ સદ્‌ગુરૂનાં યોગમાં બાળજીવોની આધી-વ્યાધી-ઉપાધી ટાળી દે છે. (પ્રત્યક્ષ સદ્‌ગુરૂ સર્વ-સમયે-સ્મરણીય અને પરોક્ષ સદ્‌ગુરૂ પ્રાત:સ્મરણીય ગણાય છે.) ''સદ્‌ગુરૂનું સ્મરણ સર્વ સમયે-રમણીય જ હોય છે. અને તેથી જીવો આનંદ-આનંદનો અનુભવને અનુભવે છે''. તેથી બાળજીવોને શ્રી પરમાત્મા પાસે માગવાની વૃતિ (પુન્ય બાંધવાની વૃતિ) થતી નથી અને સદ્‌ગુરૂનું ''વૈરાગ્ય સભર'' પૂર્ણ સાદગીયુક્ત સાદુ જીવન જોઈને બાળજીવોને સમૃધ્ધિનાં સાધનો પ્રાપ્ત કરવાની ઈચ્છા જ રહેતી નથી (સંતોષીપણું) અને બળવાન શ્રધ્ધાનાં કારણે સદ્‌ગુરૂનાં

> **નિમિત્તનાં નાથથી અનાથ થવા, નિમિત્તનાં નાથને ન માનિને, નિમિત્તનાં નાથને નમાવવાં, નિમિત્તનાં નાથને નાથીને, નિમિત્તને અનાથ કરીને, નિમિત્તને નગણ્ય, ગણીને, નેત્ર દિપક નરમતાએ નમ્રતાં ધરી, નંદનો, આનંદ ગણી, નયનોને નિચોવિને, નિર્દોષ ભાવે, નિમોહતાંએ નિર્ભયતાં આપીને, નિમિત્તનાં નાથને, નિમિત્તથી ''નવરાશ'' કરી નાખવી એજ સમકિત.**

સાધનો કરતાં વધારે રાખવામાં બાળજીવો ક્ષોભ અનુભવે છે. તેથી પ્રાપ્ત કરવાનો વિચાર શુધ્ધાં કરતાં નથી. તેથી બાળજીવો શ્રી પરમાત્માની ભક્તિમાં સ્વાર્થભાવ કે યાચકભાવ ધારણ કરતાં નથી (સંતોષીભાવનાં કારણે)

**૫) બાળજીવમાં અનુકંપા દ્રષ્ટિ – કરૂણાં દ્રષ્ટિ:** બાળજીવોએ પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ અને જ્ઞાનીનો અનુભવ, શાસ્ત્રોનો અનુભવ અને શ્રી પરમાત્માની ''પ્રક્ષાળ પૂજા''ની ભક્તિનો અનુભવ અનુભવ્યો હોય છે. અને તેથી ''જ્ઞાન એજ જ્ઞાન''ને જાણે છે, માને છે. અને અનુભવ્યું હોય છે; કે જ્ઞાન આરાધનાં અને જ્ઞાન વિરાધનાં તત્કાળ ફળ આપે છે. અને ફળનાં પરીણામોનો બળવાન અનુભવ થવાથી સહજ ઉપયોગમાં રહે તેવું લક્ષમાં રહે છે. તેથી અન્ય જીવોને જ્ઞાન-વિરાધનાં કરતાં જોઈને બળવાન અનુકંપા જાગૃત થાય છે. અને સંજોગ અનુસાર બાળજીવની (સ્વયંમનો) કોઈ અન્ય દુર્ભાવ કે દ્વેષ કરે તો તે જીવ પ્રત્યે દ્વેષ કે દુર્ભાવ થતો નથી કારણ કે મુક્તિનાં માર્ગનાં સાધકનો દુર્ભાવનું ફળ સ્વયં જીવે અનુભવ્યું હોય છે. માટે જીવ અન્ય જીવોનો દુર્ભાવ કે દ્વેષની બદલે અનુકંપા દ્રષ્ટિ કે કરૂણાં દ્રષ્ટિ રાખે છે. અને ક્રમિકપણે પૂર્ણ કરૂણાં દ્રષ્ટિ સ્વરૂપ ધારણ કરે છે. બાળજીવે પ્રત્યક્ષ સદ્‌ગુરૂની નિષ્કામ કરૂણાં દ્રષ્ટિ જોએલી, જાણેલી અને અનુભવેલી હોય છે. (બાળજીવને લક્ષમાં રહે છે, કે પોતે કેટલી ભુલો અને દોષો કર્યાં છતાં સદ્‌ગુરૂએ તો ક્ષમા આપીને સહજ સ્વરૂપે વિસ્મરણ કર્યાં તેવી સમજણ બાળજીવને જ્ઞાનીનું યોગબળ પ્રાપ્ત કરાવે છે.)

## ''સદ્‌ગુરૂ-સાર''થી

**સદ્‌ગુરૂવાસ** **સદ્‌ગુરૂવારે**

આત્માનુભવિ સદ્‌ગુરૂને આત્મસાક્ષાત્કારનાં કારણે અને આત્માનો ઉપયોગ સહજતાંએ આત્મા તરફ વળેલો હોવાથી અને મન-વચન-(કાર્યો) કર્મમાં પ્રથમ આત્માનો (જ્ઞાનનો) ઉપયોગ અને પછી પ્રગટ કરવામાં નિર્મળ બુધ્ધિનો ઉપયોગ રહેલો હોય છે. (માનબુધ્ધિ-સુખબુધ્ધિ અને સ્વાર્થબુધ્ધિનાં ક્ષયે વિપર્યાસબુધ્ધિ ટળેલી હોય છે.) અન્ય બુધ્ધિનાં પ્રકારો એ ૩ પ્રકારની બુધ્ધિનાં કારણે જ બને છે. જેમ કે દંભબુધ્ધિ-કપટબુધ્ધિ-દ્વેષબુધ્ધિ-દેહાત્મબુધ્ધિ -આસક્તબુધ્ધિ - વિગેરે, અને આત્મસાક્ષાત્કારનાં કારણે આત્મામાંથી શાસ્ત્રોનાં સાર સ્વરૂપ મુક્તિનું જ્ઞાન પ્રકાશીત થાય છે. ''જેમાં અજ્ઞાન રહેતું નથી'' અને જો આત્મસાક્ષાત્કારી એક અવતારી ભવવાળાં જ્ઞાની હોય તો ''મન:પર્યવ જ્ઞાન'' પ્રકાશીત થાય છે; કે જે જ્ઞાનનાં કારણે મુખ્ય લક્ષણે અને પ્રમુખ લક્ષણે અને પ્રમુખ ઉપયોગ અન્ય બાળજીવોની મનની આગળની સ્થિતી કે જેમાં બાળજીવો ભાવ ધારણ કરે છે. તેનું જ્ઞાન પ્રકાશીત થાય છે. બાળજીવોને ભાવ કરતી વખતે પ્રથમ લક્ષમાં આવતાં નથી પણ જ્યારે મનને ભાવ સ્પર્શે ત્યારે ભાવ ઈચ્છાનું સ્વરૂપ ધારણ કરે છે. ત્યારે બાળજીવને ખબર પડે છે કે કેવા ભાવ ધારણ થયેલાં અને તેથી ઈચ્છા થઈ. (વ્યવહારમાં ''મન'' થયું કહીએ છીએ.) બાળજીવોને સત્સંગસભા (કે ધર્મસભામાં) જગતનું જ્ઞાન સાંભળવા અને જાણવા મળે છે. કે જે જ્ઞાન થકી જગતનાં પદાર્થોનું જ્ઞાન-જગતમાં રહેલાં જીવોનું જ્ઞાન, (વૃતિ-પ્રકૃતિ અને પ્રવૃતિઓ) જગતનાં જીવોનાં દેહીક-સબંધોનું જ્ઞાન-દેહનાં માટે માનેલાં સુખનાં સાધનોનું જ્ઞાન-જીવની પ્રકૃતિનું ભાન-નામનાં મમત્વનું માન-દેહનું સ્વરૂપ-આત્માનું સ્વરૂપ-મુક્તિનાં માર્ગનું સ્વરૂપ-મુક્તિ ન મળવાનાં કારણોનું જ્ઞાન વિગેરે જ્ઞાનથી બાળજીવો જ્ઞાન-સભર બને છે. અને પછી સવાલ-જવાબ સ્વરૂપે વિચારણાં થાય છે. ''એકનાં સવાલમાં અનેક જીવોને જવાબ મળે છે'', અને ભાવ-વિચાર કરવાથી દોષ તુટે છે; અને બાળજીવો કર્મજ્ઞાન જાણીને કર્મો બાંધવામાં કર્મો વેદવામાં-કર્મ અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરે છે. કે જેનાં પછી બાળજીવો ઉદયમાં આવેલાં કર્મો શાંત ભાવે વેદીને નવાં કર્મો અલ્પ પ્રમાણમાં બાંધે છે. (ઉપયોગમાં આવવાથી) અને બાળજીવો સહજતાથી કષાય રહિતની સ્થિતી પ્રાપ્ત કરે છે. (સશક્ત ભાવે - લાચારીનાં ભાવે નહીં) અને સત્સંગસભાનું ફળ કે કષાયરહિતની સહજતાં પ્રાપ્ત થવી અને પાંચ ઈન્દ્રિયોમાંથી આસક્તિભાવ ટાળીને - અનાસક્ત ભાવ ધારણ કરવો- **''સદ્‌ગુરૂનાં વિચારબળ-અને યોગીક બળનું ફળ''**, અને રાગ-દ્વેષમાં આદરભાવ અને ઉપકારી ભાવ સ્થાપવો અને જીવ નિમિત્ત તરફ કરૂણાં દ્રષ્ટિ-અનુકંપા દ્રષ્ટિ કેળવવાથી દ્વેષભાવ મંદ થઈને ક્રમિકપણે ક્ષય થાય છે. આવાં પ્રકારથી બાળજીવો સદ્‌ગુરૂનાં સત્સંગ સભામાં જઈને બાર દોષોનો ક્ષય કરે છે. અને

> **ધર્મ સ્વભાવે કર્મ રહિત,**
> **જ્ઞાન સ્વભાવે ધર્મ રહિત,**
> **જ્ઞાન પ્રકાશે પુન્ય રહિત,**
> **કેવલ્ય જ્ઞાને દેહ રહિત.**

અનેક પ્રકારનાં સમકિતધારીપણું પામવાનાં આત્મીક ગુણો બાળજીવો પ્રગટ કરે છે. અને બાળજીવો સદ્‌ગુરૂનું નજીક અવલોકન સ્વરૂપથી સદ્‌ગુરૂનું જીવન અવલોકન થકી અને સદ્‌ગુરૂમાં બળવાન શ્રધ્ધાનાં ફળ સ્વરૂપથી અને તેમની આજ્ઞા એજ ધર્મ જાણીને માનીને (ધર્મ સ્વચ્છંદે કરવાાને દોષ ટળવાથી) બાળજીવની મિથ્યાત્વ મોહનીયની ભ્રાંતિ તુટે છે. અને સાચાને સાચું અને ખોટાને ખોટું જાણીને માનીને-શ્રધ્ધામાં ટકવાનો પુરુષાર્થ કરે છે. અને **''ધર્મ આજ્ઞા''** ગણે છે; ''આત્મા સત્ય'' ''દેહ નાશવંત''ની સમજણને શ્રધ્ધામાં લાવીને સંસ્કાર-સ્વભાવ બનાવવાનો બાળજીવ પુરુષાર્થ કરે છે. અને

**અનુસંધાન પાના નં ૪ પર →**

**અનુસંધાન પાના નં ૩ થી ચાલું**

જગતને સાચું-ખોટું ગણવાની બદલે જે સ્થિતીએ છે; એ સ્થિતી જોવું અને જાણવાનો અને તેમાં રહેવાનો બાળજીવ પુરુષાર્થ કરે છે. (સમસ્થિતી-દ્રષ્ટભાવ-સ્થિતીપ્રજ્ઞતાં પ્રાપ્ત કરે છે.) અને મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય બાળજીવો શ્રધ્ધાનાં બળે અને સદ્‌ગુરૂની પૂર્ણ કૃપાએ જ ક્ષય કરી શકાય છે; અથવા થઈ શકે છે. અને પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગ વગર શક્ય નથી ''મોક્ષનો માર્ગ શાસ્ત્રોમાં રહેલો છે; પણ માર્ગમાં કેમ ચાલવું એ સદ્‌ગુરૂનાં હૃદયમાં રહેલું છે. અને બાળજીવોએ એ જાણવાં સદ્‌ગુરૂનાં હૃદયમાં રહેવું પડે છે''. માટે જ શાસ્ત્રોમાં આજ્ઞા કરી છે કે જેણે દેહ અને આત્માની ભિન્નતાં જાણી છે, માની છે અને અનુભવી છે. એવાં અનુભવિનાં આશ્રયે જવાથી અનુભવી બનવાં માટે તેમની આજ્ઞા એજ ધર્મ અને આજ્ઞામાં રહેવું એજ તપ.

આવી શ્રદ્ધા જે બાળજીવોએ પોતાનાં હૃદયમાં સ્થાપી છે. તેમણે સમકિત કે સમ્યગ-દર્શન માગવું પડતું નથી પણ સદ્‌ગુરૂનાં મુખમાંથી બોલાવવું પડે છે.

જો સદ્‌ગુરૂનાં મુખમાંથી સમ્યગ-દર્શન પ્રાપ્તીની વાણી મળી ગઈ તો તે સદ્‌ગુરૂની વચન સિધ્ધી સ્વરૂપે પરીણામ આપીને જ રહે છે. બાળજીવ ઈચ્છા કરે કે ન કરે (બાળજીવ સદ્‌ગુરૂનાં ચરણમાં લગભગ આનંદ સ્વભાવથી પ્રભુ સ્મરણથી ઈચ્છા રહિત જ થાય છે.)

## ''સમજણ મેળવો – દ્રષ્ટિ કેળવો – સમકિત પામો''

શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને બાળજીવોને સંદેશા સ્વરૂપ જિનઆજ્ઞા પ્રમાણે જૈનકુળમાં-જિનશાસનમાં જન્મનું સાર્થકફળ સમ્યગ-દર્શનની પ્રાપ્તીને ગણાવી છે. (તેનાં ગુણ સ્વભાવ-લક્ષણો આગળનાં લેખાંકોમાં વિચારેલાં હતાં માટે વિચારણાં કરતાં નથી.) અને એ પ્રાપ્ત કરવાં માટે જૈનકુળ એ જગતમાં શ્રેષ્ઠ સંજોગ અવસ્થાવાળો સમાજ અને ધમસ્થિતી ગણાય. જૈનકુળમાં જન્મેલાં જીવો ગુણ સ્વભાવથી - સંજોગ અવસ્થાએ અને વિચારદશાએ સમ્યગ-દર્શનની સૌથી નજીકની યોગ્યતાં પ્રાપ્ત જીવો ગણાય અહિંયા બાળજીવોએ ફક્ત સમજણ બદલવાની જરૂર છે; તો દ્રષ્ટિ બદલાતાં વાર લાગે નહીં. બાળજીવોમાં રહેલાં સમ્યગ-દર્શનનાં ગુણોની યોગ્યતાં પ્રાપ્તી પૂર્ણ છે; અને જો શ્રી ધર્માચાર્યો પુન્યલક્ષ ત્યાગીને બાળજીવો ઉપર દયાદ્રષ્ટિ કરે તો હજારો બાળજીવોનું આત્મકલ્યાણ થાય. અને હજારો-લાખો બાળજીવો જ્ઞાન-વિરાધનાંનાં દોષથી બચે. અને તેનું કારણ શ્રી ધર્માચાર્યો બને. બાળજીવોમાં રહેલાં અજ્ઞાનતામાં સમ્યગ-દર્શનનાં પ્રમુખ પાંચ ગુણ સ્વભાવનાં ગુણ, તેની વિચારણાં કરીએ.

૧) શ્રી ઈષ્ટદેવમાં શ્રધ્ધા.
૨) શ્રી ઈષ્ટદેવમાં નિશંક શ્રધ્ધા (અનન્ય શ્રધ્ધા).
૩) શ્રી ઈષ્ટદેવની ભય રહિતની ભક્તિ.
૪) શ્રી ઈષ્ટદેવની સ્વાર્થ રહિતની ભક્તિ (યાચકભાવ વગરની ભક્તિ).
૫) જીવમાં કરૂણાં - અનુકંપા દ્રષ્ટિ.

**ધર્મ કર્યો સ્વચ્છંદથી,**
**ધર્મ થયો સ્વચ્છંદી,**
**જીવન મળ્યું સ્વચ્છંદી,**
**થયો જીવનમાં સ્વચ્છંદી.**

વર્તમાન ભવમાં બાળજીવમાં આ પ્રકારનો ગુણ-સ્વભાવ અણસમજમાં રહેલો છે; તેને સમજણમાં લાવવામાં આવે તો અલ્પ પુરુષાર્થથી બળવાન પરીણામ પ્રાપ્તીનું કારણ બને. બાળજીવોમાં

૧) માતા-પિતા માટે બળવાન શ્રધ્ધા ઉપકારીભાવે રહેલી છે.
૨) માતા-પિતા માં નિશંક શ્રધ્ધા સ્થપાયેલી છે.
૩) માતા-પિતા ની ભક્તિ ભય રહિત કરે છે.
૪) માતા-પિતા ની ભક્તિ નિષ્કામ ભાવે કરે છે.
૫) માતા-પિતા પ્રત્યે બાળજીવને તેમનાં સુખે-સુખી અને તેમનાં દેહીક દુઃખે દુઃખની અને અનુકંપાની લાગણી રહેલી છે.

તેથી એમ કહેવાય કે બાળજીવમાં આ ગુણ સંસ્કાર અને સ્વભાવ રહેલાં છે. તેને શ્રી ધર્માચાર્યો તેમનાં જ્ઞાન-વિચાર અને ચારિત્રબળથી બાળજીવોની સમજણમાં સમ્યગ-દર્શનની સમજણ અને ઝુરણાં જાગૃત કરે તો બાળજીવોનું જૈનકુળમાં જન્મ્યાનું અને શ્રી ધર્માચાર્યોનાં ત્યાગ-વૈરાગ્યનું સફળપણું બને અને શ્રી ધર્માચાર્યો બાળજીવોનાં ભવ-મુક્તિનાં માર્ગ વિધાતાં બને એજ જિન શાસનની સેવા અને એજ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનો જીવન બોધ.

''સ્વ કલ્યાણ કરવું,
પર કલ્યાણનો સ્વભાવ પ્રકાશીત થશે''.

## ''પુન્યલક્ષનાં ત્યાગાર્થે''

પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોએ પુન્યનો આગ્રહ છોડીને (શ્રી પરમાત્માની જ્ઞાન-વિરાધનાં ત્યાગીને) શ્રી તીર્થંકર પરમાત્માની જિન આજ્ઞા ધારણ કરીને, [શ્રી તીર્થંકર પરમાત્મા તો જગત ગુરૂ કહેવાય, અનેક બાળજીવોને માર્ગમાં મુકનાર ગુરૂ કહેવાય. અનેક ગુરૂને પરીણામ આપનાર સદ્‌ગુરૂ કહેવાય. અને અનેક સદ્‌ગુરૂ બનાવનાર (નિમિત્ત કારણ-પરોક્ષ) મહાસદ્‌ગુરૂ - જગત ગુરૂ કહેવાય.] તેમનો ઉપકાર માન્ય ભાવ ધારણ કરીને નિષ્કામ ભાવે - ભય રહિત - સ્વાર્થ રહિતની જ ભક્તિ કરાય અને ઉપકાર માન્ય ભાવ ધારણ કરીને ભક્તિ કરતાં-કરતાં બાળજીવોમાં અધિકારભાવની ભક્તિભાવ ન આવે અને નમ્રતાનો ગુણ બળવાન જળવાય રહે તે માટે પ્રાર્થનાં સ્વરૂપની ભક્તિ કરતાં-કરતાં માગવું જ હોય તો શ્રી ઈષ્ટદેવ પાસેથી ઈષ્ટનું ફળ મંગાય અને ભક્તિનું ફળ જો આપવું હોય તો ઈષ્ટનું ફળ આપજો એવી નમ્રતાં સહિતની-યાચકભાવે શ્રી પરમાત્મા પાસે પ્રાર્થનાં કરવી રહી.

શ્રી તીર્થંકર પરમાત્માએ ''ઈષ્ટ ફળ'' મોક્ષને કહ્યું છે, અને આખાં જગતને અનિષ્ઠપણે જાણ્યું છે. તો શ્રી તીર્થંકર પરમાત્મા પાસે માગવું હોય તો ''મોક્ષ'' જ ''ઈષ્ટફળ'' સ્વરૂપે મંગાય, અન્યથાં કશું જ નહી. એવાં પ્રકારની પ્રાર્થનાં પણ ક્રમિક આત્મવિકાસનું કારણ અને ભક્તિ સાધન બને.

**જે શાસ્ત્રોને શસ્ત્ર બનાવીને અન્ય જીવો સામે અસ્ત્ર ધરે તે શસ્ત્રધારી છે.**
**''અને''**
**જે શાસ્ત્રોને સ્વ સ્વરૂપ માનીને અન્ય જીવોને સ્વરૂપ પ્રતિતી કરાવે તે સ્વરૂપધારી છે.**

## ''પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોનો નામભાવ''

પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો પોતાનાં નામનાં મમત્વમાં રહેવાથી અજ્ઞાની બાળજીવોને બળવાન જ્ઞાન-વિરાધનાં કરાવે છે. પણ સાથે પોતે પણ માન-નામ ભાવનાં મમત્વનાં કારણે જ્ઞાન-વિરાધનાં કરે છે. પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો ''ધર્મનાં કામે અને પોતાનાં નામ માટે'' બળવાન અર્થનાં આગ્રહી બને છે, કારણ વગર ધર્મનાં નવા-નવા સ્થાનકો બનાવશે. (બાળજીવો જિન ભક્તિ ન પામી શકતાં હોય ત્યાં ધર્મનાં સ્થાનકો બનાવવાં અનિવાર્ય ગણાય પણ નામનાં મમત્વને કારણે બાજુ-બાજુમાં ધર્મનાં સ્થાનકો બનાવવાં શા માટે? જરૂરી છે?) ધર્મનાં પ્રાચીન સ્થાનકો કે જ્યાં આગળ પૂર્વમાં જ્ઞાની મહાપુરુષો વિચરેલાં હોય અને બાળજીવોને આત્મકલ્યાણમાં ક્ષેત્ર અને ધર્મ સ્થાનકો નિમિત્ત કારણ બને તેની શ્રેષ્ઠ જાળવણી કરવી પ્રથમ અનિવાર્યતાં ગણાય. (પણ ત્યાં નામભાવ સંતોષાતો નથી.) શ્રી પરમાત્માનાં ધર્મ સ્થાનકની સેવા-ભક્તિ અર્થે જે ખાતાવહી ચાલે છે; તેને વ્યવહારથી સાધારણ ખાતાવહી કહીએ છીએ. એ સાધારણ ખાતાવહી શા માટે સાધારણ રહે છે? જો જીવો શ્રી પરમાત્માનાં ધર્મસ્થાનકની સેવા-ભક્તિને સાધારણ ગણે તો પછી સમ્યગ-દર્શનનું પ્રથમ અંગ શ્રધ્ધા કેવી રીતે આવે? પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો અમાપ અર્થ પુન્યનાં નામે ભેગું કરી શકે છે, તો સાધારણ ખાતાવહીને સાધારણ શા માટે રાખે છે. તેમનાં વિષે સમજણ બાળજીવોને આપીને ''અસાધારણ ખાતાવહી'' શા માટે બનાવતાં નથી? સાધારણમાં નામભાવનું-માનભાવનું મમત્વ જળવાતું નથી માટે? પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યો દેવ-દ્રવ્યનાં આગ્રહ શા માટે કરે છે? તેની બદલે આ સમજણ સાધારણ ખાતા માટે રાખે તો? વ્યવહારે જેને ૨૫માં ભગવાન કહીએ છીએ તેમને લાચારી કરવી ન પડે. અને જ્યાં ધર્મનાં સ્થાનકોમાં અલ્પ પણ સંસારી કાર્યો કરવામાં આવતાં નથી અને તે યથાર્થ જ છે, ધર્મનાં સ્થાનકો સંસાર વધારવા માટેનાં કાર્યો માટે નથી. ''ધર્મનાં સ્થાનકો આત્માનાં ઉથ્થાન માટે છે. આત્માનાં પતન માટે નહીં'' અને એ ધર્મનાં સ્થાનકોમાં પુન્યલક્ષી બોધ આપવો એટલે સંસારનાં કાર્યો નહીં પણ અનંત જીવોનાં અનંત સંસાર વધારવાનું કારણ બને અને તેમાં નિમિત્ત કારણ ધર્મનું સ્થાનક બને તો તે જ્ઞાન વિરાધનાંનો દોષ કોને લાગે? (શ્રી સંઘને કે બોધ સાંભળવા આવનાર શ્રાવક-શ્રાવિકાઓને કે બોધ આપનાર પુન્યલક્ષી શ્રી ધર્માચાર્યોને ?) શ્રી તીર્થંકર પરમાત્માનો બોધ એ સમ્યગ-જ્ઞાન કે અન્ય પ્રકારનો પુન્યબોધ એ સમ્યગ-જ્ઞાન કહેવાય?

સંસાર વધારનાર બોધનાં જ્ઞાનને સમ્યગ જ્ઞાન કહેવાય કે મિથ્યાત્વી જ્ઞાન કહેવાય? પુન્યલક્ષી બોધને જ્ઞાન આરાધનાં કહેવાય કે શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં નિશ્ચયબોધને જ્ઞાન આરાધનાં કહેવાય?

## ''જ્ઞાન એજ જ્ઞાન છે''

તેમને વય-વેશનો કે દેશ-કાળનું બંધન નથી સર્વ અવસ્થાએ જ્ઞાન-જ્ઞાન જ રહે છે. અને જ્ઞાન-આરાધનાં-વિરાધનાંનાં ફળ આપે જ છે.

## ''જ્ઞાન માર્ગની પ્રાપ્તીનું જ્ઞાન''

બાળજીવોમાં લગભગ ભવ ભ્રમણમાં નિમિત્ત શ્રી ધર્માચાર્યો જ બને છે, ધર્મની આરાધનાંનાં નામે (પુન્યલક્ષથી) અને બાળજીવો ભવ ભ્રમણમાંથી છુટવાં માટે આત્મલક્ષી શ્રી ધર્માચાર્યો જ બનશે. અજ્ઞાની બાળજીવોને જ્ઞાન-વિરાધનાંથી બચવાનો એક જ ઉપાય જીવનમાં એક જ ગુરૂનું સ્થાપન હોવું અને રહેવું જોઈએ. અને જો જીવનમાં એક જ શ્રી ગુરૂનું સ્થાપન શક્ય ન હોય તો ગેરહાજર-આત્માનુભવિ સદ્‌ગુરૂનું સ્થાપન હોવું અનિવાર્ય છે; પ્રત્યક્ષ સદ્‌ગુરૂ બાળજીવો માટે મોક્ષ પ્રભાવક હોય છે. અને ગેરહાજરે બાળજીવોને જ્ઞાન-વિરાધનાંથી બચાવે છે. તે કેવી રીતે તેની ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

**ધર્મનાં ભાવે કર્મ નિભાવે,**
**ગુણ સ્વભાવે કર્મ નિકાળે,**
**જ્ઞાન પ્રકાશે કર્મ નિહાળે,**
**મોક્ષ સ્વભાવે કર્મ નિતારે.**

**બાળજીવને મુક્તિનાં જ્ઞાનમાર્ગની આરાધનાં પુન્ય પ્રકૃતિની મંદતાએ-પુન્યલક્ષનાં અભાવે-નમ્રતાંનાં ગુણે અને શરણાગતીનાં સ્વભાવે અને સ્વચ્છંદનાં દોષથી પર થયાં પછી જ ''જ્ઞાનયોગ'' પ્રાપ્ત થાય છે. ''જ્ઞાનયોગ'' પહેલાં ભવમુક્તિનાં સાધનો (જ્ઞાન-વિરાધનાં) ભવ બંધનનાં કારણો બને છે. અને ''જ્ઞાનયોગ'' પછી એજ સાધનો ભવ-મુક્તિનાં સાધનો બને છે. ''સાધનો એજ'' લક્ષ અને દ્રષ્ટિ બદલવાથી સાધનોનાં પરિણામો બદલાય છે.**

## ''જ્ઞાન-વિરાધનાં – જ્ઞાન-આરાધનાં''

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.